

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 041
Dt.: 15-12-2025,
Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### ભારતીય જનતા પાર્ટીએ નવા રાષ્ટ્રીય અધ્યક્ષની જાહેરાત કરી

# નીતિન નવીન ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના રાષ્ટ્રીય મહાસચિવે બિહારના મંત્રી નીતિન નવીન સિંહાને ભાજપના કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્તની સૂચના જાહેર કરી છે. ભારતીય જનતા પાર્ટીએ તેના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની જાહેરાત કરી છે. બિહાર સરકારના મંત્રી નીતિન નવીનને પાર્ટીના નવા કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જેપી નડ્ડાના બાદ તેઓ હવે પાર્ટીની જવાબદારીઓ સંભાળશે.

ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ દ્વારા જારી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, "ભારતીય જનતા પાર્ટીના સંસદીય બોર્ડે બિહાર સરકારના મંત્રી નીતિન નવીનને ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. ઉપરોક્ત નિમણૂક તાત્કાલિક અમલમાં આવશે."

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે બિહારના કેબિનેટ મંત્રી નીતિન નવીનને ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત થવા બદલ અભિનંદન પાઠવ્યા. ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં તેમણે કહ્યું, "બિહારના યુવા અને ઉર્જાવાન નેતા નીતિન નવીનને ભાજપના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત થવા બદલ હાર્દિક અભિનંદન. તે મહેનતુ અને મહાન કલ્પનાશીલ વ્યક્તિ છે.

તેમણે કહ્યું, "વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ, તેઓ ચોક્કસપણે ભાજપને સફળતાની નવી ઊંચાઈઓ પર લઈ જવામાં સફળ થશે. હું તેમને સફળ કાર્યકાળ માટે શુભકામનાઓ પાઠવું છું."

બિહાર ભાજપ પ્રદેશ પ્રમુખ દિલીપ જયસ્વાલે બિહારના માર્ગ બાંધકામ મંત્રી નીતિન નવીનને ભાજપના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્તિ બદલ અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું, "આજે ભારતીય જનતા પાર્ટી માટે ઐતિહાસિક દિવસ છે કે બિહારના કોઈ વ્યક્તિને રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ આપણા અને બધા બિહાર માટે આનંદની વાત છે, અને સમગ્ર બિહાર રાજ્ય અને બિહાર ભાજપ વતી, હું તેમને ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્તિ બદલ અભિનંદન આપું છું."

તેમણે વધુમાં કહ્યું, "આજે બિહાર તરફથી આટલી મોટી સંપત્તિ પ્રાપ્ત કરવા બદલ હું ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વને પણ અભિનંદન આપું છું."

**જેપી નડ્ડા બાદ તેઓ પાર્ટીની જવાબદારીઓ સંભાળશેઃ પૂર્વ ધારાસભ્ય નવીન કિશોર પ્રસાદ સિંહાના પુત્ર છે નીતિન નવીનઃ પીએમ મોદીએ અભિનંદન પાઠવ્યા**

બિહાર સરકારમાં પીડબ્લ્યુડી મંત્રી, નીતિન નવીન, કાયસ્થ સમુદાયમાંથી આવે છે. આ વખતે, તેઓ બિહારના બાંકીપુર મતવિસ્તારમાંથી પાંચમી વખત ધારાસભ્ય બન્યા છે. તેમણે ૨૦૦૬ માં પેટાચૂંટણી લડી અને જીતી. તેમના પિતાના મૃત્યુ પછી, તેમણે રાજકીય વારસો સંભાળ્યો છે. ત્યારબાદ તેઓ ૨૦૧૦, ૨૦૧૫ અને ૨૦૨૦ માં જીત્યા છે, અને હવે ફરીથી ૨૦૨૫ માં. ૯ ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ નીતિશ કુમાર સરકારના મંત્રીમંડળ વિસ્તરણ દરમિયાન તેમને પ્રથમ વખત માર્ગ બાંધકામ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.ઉલ્લેખનિય છે કે, હાર સરકારના મંત્રી નીતિન નવીનને ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહે રવિવારે ભાજપ સંસદીય બોર્ડના આ નિર્ણયની જાહેરાત કરી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી, પાર્ટી પ્રમુખ જે.પી. નડ્ડાને આરોગ્ય મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ત્યારથી, નવા રાષ્ટ્રીય અધ્યક્ષની શોધ ચાલી રહી હતી. નડ્ડાને ૨૦૨૦ માં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેનો તેમનો કાર્યકાળ જૂન ૨૦૨૪ માં સમાપ્ત થયો હતો. ત્યારથી તેઓ એક્સટેંશન પર હતા

પીએમ મોદીએ પણ નીતિન નવીનને અભિનંદન પાઠવ્યા. તેમણે એક પોસ્ટમાં લખ્યું, "નીતિન નવીન એક મહેનતુ કાર્યકર છે. તેઓ સમૃદ્ધ સંગઠનાત્મક અનુભવ ધરાવતા એક યુવાન અને મહેનતુ નેતા છે. તેમણે બિહારમાં અનેક ટર્મ સુધી ધારાસભ્ય અને મંત્રી તરીકે અસરકારક રીતે સેવા આપી છે. ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ બનવા બદલ તેમને હાર્દિક અભિનંદન."



### જન્મદિવસની ઉજવણી માતમમાં ફેરવાઈ

## કેનેડામાં બે ભારતીય યુવકોની હત્યા થઈઃ અભ્યાસ કરવા માટે ગયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)એડમોન્ટન

કેનેડાના એડમોન્ટન શહેરમાં બે પંજાબી વિદ્યાર્થીઓને ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. બંને મૃતકો પંજાબના બુઢલાડા નજીકના ગામોના રહેવાસી હતા. મૃતકોની ઓળખ બરાહ ગામના ગુરદીપ સિંહ (ઉંમર ૨૭ વર્ષ) અને ઉદત સાઈદેવાલા ગામના રણવીર સિંહ (ઉંમર ૧૮ વર્ષ) તરીકે થઈ છે. બંને વિદ્યાર્થીઓ અભ્યાસ માટે કેનેડા ગયા હતા. ભારતના યુવાનો સારા ભવિષ્યની આશામાં વિદેશ જાય છે, પરંતુ ક્યારેક તેઓ અણધારી ઘટનાઓનો ભોગ બને છે, ક્યારેક તો પોતાનો જીવ પણ ગુમાવવો પડે છે. પંજાબના બુધલાડા વિધાનસભા મતવિસ્તારના બોહા નજીક આવેલા બરહે અને ઉદત સૈદેવાલા ગામોમાંથી એક દુઃખદ ઘટના સામે આવી છે. કેનેડાના એડમોન્ટનમાં ગોળી વાગવાથી બે યુવાનોના મોત થયા છે. બુધલાડા નજીકના બરહે ગામના ૨૭ વર્ષીય ગુરદીપ સિંહ અને ઉદત સૈદેવાલા ગામનો ૧૮ વર્ષીય રણવીર સિંહ સારા ભવિષ્યની આશામાં કેનેડાના એડમોન્ટન ગયા હતા. જ્યારે તેઓ એક મિત્રનો જન્મદિવસ ઉજવવા જઈ રહ્યા હતા, ત્યારે અજાણ્યા હુમલાખોરોએ તેમના પર ગોળીબાર કર્યો, જેમાં તેમનું ઘટના સ્થળે જ મોત થયું. મૃતક યુવક ગુરદીપ સિંહના પરિવારના સભ્ય દર્શન સિંહે જણાવ્યું હતું કે, "ગુરદીપ સિંહ લગભગ અઢી વર્ષ પહેલા કેનેડા ગયો હતો. તેણે હમણાં જ પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને વર્ક પરમિટ પર જવાનો હતો. તેના પુત્રને કેનેડાથી ફોન આવ્યો હતો જેમાં તેને જણાવવામાં આવ્યું હતું કે કોઈએ ગુરદીપ સિંહ અને રણવીર સિંહને ગોળી મારી દીધી છે. શરૂઆતમાં, અમને લાગ્યું કે તે નકલી કોલ છે, પરંતુ પછીથી અમને વીડિયો કોલ દ્વારા માહિતી મળી. બંનેના ઘટનાસ્થળે જ મોત થયા હતા." દર્શન સિંહે જણાવ્યું કે, ગુરદીપ સિંહ અને રણવીર સિંહ ચાર-પાંચ અન્ય મિત્રો સાથે મિત્રની જન્મદિવસની પાર્ટીમાં જઈ રહ્યા હતા. તેઓ કારમાં બેસવાના હતા ત્યારે અજાણ્યા હુમલાખોરોએ તેમના પર ગોળીબાર કર્યો, જેમાં તેમનું ઘટનાસ્થળે જ મોત થયું. મૃતક ગુરદીપ સિંહ તેના માતાપિતાનો એકમાત્ર પુત્ર હતો અને પરિણીત હતો. તેની પત્ની પણ કેનેડા જવાની હતી, પરંતુ તે પહેલાં નાનકડો પરિવાર વિખેરાયો.

## ISIના નિશાને કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણની સુરક્ષામાં એકાએક વધારો કરવામાં આવ્યો છે. ગૃહ વિભાગને મળેલા ઈનપુટના આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં મધ્યપ્રદેશ DGPને પત્ર લખીને જાણ કરાઈ છે કે શિવરાજસિંહ ચૌહાણ પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ISIના નિશાના પર છે. ISI શિવરાજસિંહ અંગે માહિતી એકઠી કરી રહી છે. ગૃહ વિભાગની સૂચના બાદ મધ્યપ્રદેશ પોલીસ વિભાગ તાત્કાલિક હરકતમાં આવ્યો હતો અને શિવરાજસિંહના ભોપાલમાં આવેલા બંગલા નંબર 74/B8 આસપાસ વધારાના બેરિકેડ ઊભા કરી સજ્જડબંધ પોલીસ પહેરો ગોઠવી દીધો છે. મહત્ત્વનું છે કે શિવરાજસિંહ પાસે પહેલાથી જ Z+ સુરક્ષા હતી, પરંતુ આ સુરક્ષા વધારવામાં આવી છે.

ગૃહ મંત્રાલયે સંબંધિત એજન્સીઓ અને મધ્યપ્રદેશના DGPને સુરક્ષામાં કોઈ ખામી ન રહે તે સુનિશ્ચિત કરવાનો આદેશ આપ્યો છે.

મધ્યપ્રદેશના મુખ્ય સચિવને પણ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે . દિલ્હી પોલીસના સ્પેશિયલ કમિશનર (સુરક્ષા) ને પણ જાણ કરી દેવાઈ છે.

સુરક્ષા વધારવા અંગે ગૃહ વિભાગના પત્ર અનુસાર, ISIએ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ વિશે માહિતી મેળવી છે જેથી તેમની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી છે. તેમજ કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તેની તકેદારી રાખવા સૂચન કરવામાં આવ્યું છે. શિવરાજ સિંહ ચૌહાણ હાલ Z+ શ્રેણીની સુરક્ષા ઘેરામાં છે, જે દેશમાં સૌથી ઉચ્ચ સ્તરની સુરક્ષા માનવામાં આવે છે. તેમની સુરક્ષા માટે તૈનાત કર્મચારીઓની સંખ્યા અંગે કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. જો કે, Z+ સુરક્ષામાં સામાન્ય રીતે NSG કમાન્ડો સહિત આશરે ૫૫ જેટલા સુરક્ષા કર્મચારીઓનો સમાવેશ થાય છે.

### અંધાધૂંધ ફાયરિંગમાં અનેક ઈજાગ્રસ્ત

## ઓસ્ટ્રેલિયાના સિડનીમાં અંધાધૂંધ ફાયરિંગ, ૧૦ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સિડની

**રવિવારે ઓસ્ટ્રેલિયાના સિડનીમાં બોન્ડી બીચ પર ગોળીબારના અહેવાલો બાદ ભયનો માહોલ છવાઈ ગયો**

રવિવારે ઓસ્ટ્રેલિયાના સૌથી જાણીતા સિડનીના બોન્ડી બીચ પર ગોળીબાર થયો હતો. આ ઘટનામાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા હતા. ઘટનાની માહિતી મળતાં ન્યૂ સાઉથ વેલ્સ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર વિસ્તારને સીલ કરી દીધો હતો, લોકોને દૂર રહેવા અને સલામત સ્થળોએ આશ્રય લેવાની વિનંતી કરી હતી.

ન્યૂ સાઉથ વેલ્સ પોલીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરી હતી કે બોન્ડી બીચ પર પરિસ્થિતિ હજુ પણ અસ્પષ્ટ છે, પરંતુ પોલીસ તૈનાત કરવામાં આવી છે અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહી છે. પોલીસે ઘટનાસ્થળે હાજર લોકોને તાત્કાલિક સ્થળાંતર કરવા અને સૂચનાઓનું પાલન કરવાની સ્પષ્ટ સલાહ આપી હતી.

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, અનેક ગોળીબારના અવાજો સંભળાયા હતા. જો કે, શરૂઆતમાં તે સ્પષ્ટ નહોતું કે આ ઘટનામાં કોઈ ઘાયલ થયું છે કે નહીં. સિડની મોર્નિંગ હેરાલ્ડે ઘણા પ્રત્યક્ષદર્શીઓને ટાંકીને અહેવાલ આપ્યો છે કે ગોળીબારના અવાજો સંભળાયા હતા, જેના કારણે બીચ પરના લોકો ગભરાઈને ભાગવા લાગ્યા હતા.

સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં લોકો બોન્ડી બીચ પર દોડતા દેખાય છે, જ્યારે ગોળીબાર અને પોલીસ સાયરનના અવાજો સાંભળી શકાય છે. જો કે, આ વીડિયોની પુષ્ટિ કરવામાં આવી નથી. કાળા કપડાં પહેરેલા બે લોકો ગોળીબાર કરતા જોવા મળે છે. અનેક લોકો ગોળી વાગવાથી ઘાયલ થયા છે. દરમિયાન ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝના કાર્યાલયે જણાવ્યું છે કે સરકાર પરિસ્થિતિથી વાકેફ છે. વડાપ્રધાન કાર્યાલયના પ્રવક્તાએ એક નિવેદન જારી કરીને જણાવ્યું છે કે બોન્ડી વિસ્તારમાં સક્રિય સુરક્ષા સ્થિતિ છે અને લોકોએ ન્યૂ સાઉથ વેલ્સ પોલીસ દ્વારા જારી કરાયેલા નિર્દેશોનું પાલન કરવું જોઈએ.

## દિલ્હી સરકારનું મોટું એલાનઃ શાળામાં હાઈબ્રિડ મોડ ઓન, ૫૦ ટકા કર્મચારીઓ માટે વર્કફ્રોમ હોમ ફરજિયાત

### દિલ્હી, નોઈડા, ગુરુગ્રામ, ફરીદાબાદ અને ગાઝિયાબાદમાં BS ૩ની પેટ્રોલ અને BS ૪ની ડીઝલ કારો ચલાવવાની મનાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી ધીમે ધીમે ગેસ ચેમ્બર બની રહ્યું છે. પ્રદૂષણ એટલા હદે વધી ગયું છે કે રાજધાનીમાં AQI (એર ક્વોલિટી ઇંડેક્સ) ૪૦૦ને પાર પહોંચી ગયો છે. જે બાદ દિલ્હી NCRમાં ગ્રેપ (GRAP) ૪ના પ્રતિબંધો લાગુ કરવાનો નિર્ણય લેવામાં અવાયો છે. જે કારણે ઘણી વસ્તુઓ પ્રતિબંધના દાયરામાં આવી જશે.

ગ્રેપ ૪ અનુસાર દિલ્હી NCRમાં નિર્માણ કાર્યો પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે સાથે જ પત્થર તોડનાર (સ્ટોન ક્રશર)નું કામકાજ પણ તાત્કાલિક ધોરણે બંધ કરી દેવામાં આવ્યું છે.

આ ઉપરાંત દિલ્હી, નોઈડા, ગુરુગ્રામ, ફરીદાબાદ અને ગાઝિયાબાદમાં BS 3ની પેટ્રોલ અને BS ૪ની ડીઝલ કારો ચલાવવાની મનાઈ ફરમાવવામાં આવી છે. સાથે જ પાંચ ધોરણ સુધીની શાળાઓ હાઈબ્રિડ મોડમાં ચાલશે. એટલે કે ઓનલાઈન અને ઓફલાઈન જરૂર મુજબ બાળકોને ભણાવવામાં આવશે.

ગ્રેપ ૪ ક્યારે લાગે છે?

પહેલું ચરણઃ AQI ૨૦૧ થી ૩૦૦

બીજું ચરણઃ AQI ૩૦૧ થી ૪૦૦

ત્રીજી ચરણઃ AQI ૪૦૧ થી ૪૫૦

ચોથું ચરણઃ AQI ૪૫૦ થી વધારે (ગ્રેપ ૪ અમલમાં આવે છે )

૧૧ ડિસેમ્બરના રોજ ઓડિશાના રહેવાસી સાંસદ મંગરાજે સંસદમાં શૂન્યકાળ દરમિયાન 'દિલ્હી પ્રદૂષણ'નો મુદ્દો ઉઠાવી દિલ્હી અને ઓડિશાની તુલના કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'કુદરતી આફતો સામે લડવા માટે ઓડિશા કુશળ કામગીરી કરતું રહ્યું છે, તેથી દિલ્હીના વાયુ પ્રદૂષણને કંટ્રોલ કરવા માટે ઓડિશાની જેમ કામ કરવાની જરૂર છે. ઓડિશા ચક્રવાત-પૂર-કુદરતી આપત્તિઓ સામે સતત લડતું રહ્યું છે, હું જાણું છું કે સંકટ કેવું દેખાય છે. પરંતુ જે વસ્તુ મને પરેશાન કરે છે તે છે... રાજધાની દિલ્હી...'

સાંસદ મંગરાજે ઝેરી હવાના સંપર્કમાં આવતા સંસદના સભ્યોસ સંસદીય અધિકારીઓ, ડ્રાઈવરો, સફાઈ કર્મચારીઓ અને ગૃહને ચાલુ રાખનારા સુરક્ષા કર્મચારીઓની ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'આપણાથી આ લોકોની સમસ્યાઓને નજરઅંદાજ ન કરાય, આપણાથી બધું જ સામાન્ય ચાલી રહ્યું હોવાનો દેખાડો ન કરાય.

જે મહિનામાં દિલ્હીમાં હવાનું પ્રદૂષણ સૌથી વધુ હોય ત્યારે સંસદ સત્રો યોજવાથી જીવન જોખમમાં આવી જાય છે.

જો આપણે આ જોખમ ટાળવું હોય તો દિલ્હીના બદલે સ્વચ્છ હવા અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા ગાંધીનગર, ભુવનેશ્વર, હૈદરાબાદ, બેંગલુરુ અને દેહરાદૂન જેવા શહેરોનો વૈકલ્પિક ઉપયોગ કરવો જોઈએ.'

## દક્ષિણ આફ્રિકામાં નિર્માણાધીન મંદિર ચાર માળનું ધરાશાયી થયુંઃ એક ભારતીય સહિત ૪ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કેપટાઉન

દક્ષિણ આફ્રિકાના ક્વાઝુલુ-નતાલ પ્રાંતમાં નિર્માણાધીન ચાર માળના મંદિરના ધસી પડવાથી ૪ લોકોના મોત નિપજ્યા છે, જેમાં એક ભારતીય મૂળનો ૫૨ વર્ષીય વ્યક્તિનો પણ સમાવેશ થાય છે. અધિકારીઓના જણાવ્યાનુસાર, ભગવાન નરસિંહદેવના આ મંદિરને ભારતીય મૂળનો એક પરિવાર બનાવી રહ્યો હતો. તેનું નિર્માણ આશરે બે વર્ષ પહેલાં શરૂ થયું હતું, જેમાં ભગવાન નરસિંહદેવની દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા મૂકવાની હતી. જોકે, ઈથેક્વિન (અગાઉ ડરબન)ની નગરપાલિકાનું કહેવું છે કે, મંદિરના નિર્માણ માટે કોઈ બિલ્ડિંગ પ્લાન મંજૂર કરાયો નથી.

ઈથેક્વિની (અગાઉનું ડરબન)ની ઉત્તરે રેડક્લિફમાં એક ઢાળવાળી ટેકરી પર સ્થિત ન્યૂ અહોબિલમ ટેમ્પલ ઑફ પ્રોટેક્શનનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન શુક્રવારે ઈમારતનો એક ભાગ ધ્વસ્ત થઈ ગયો હતો. એવું પણ માનવામાં આવી રહ્યું છે કે, કાટમાળની નીચે કેટલાક કામદારો દટાયેલા છે. પરંતુ હજુ સુધી આ મામલે કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી. શુક્રવારે એક મજૂર અને એક શ્રદ્ધાળુ સહિત બે લોકોનું મોતની પુષ્ટિ થઈ હતી. બચાવ ટીમોએ વધુ મૃતદેહો બહાર કાઢ્યા બાદ શનિવારે મૃત્યુઆંક વધીને ચાર થયો. સ્થાનિક મીડિયાએ અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે, ચાર મૃતકોમાંથી એકની ઓળખ વિક્કી જયરાજ પાંડે તરીકે થઈ છે. તે મંદિર ટ્રસ્ટના એક્ઝિક્યુટિવ સભ્ય અને બાંધકામ પ્રોજેક્ટના મેનેજર હતા. જયરાજ પાંડે લગભગ બે વર્ષ પહેલાં મંદિરની સ્થાપનાથી જ તેના વિકાસમાં સામેલ હતા. મંદિર સાથે સંકળાયેલી ચેરિટી "ફૂડ ફોર લવ" ના ડિરેક્ટર સનવીર મહારાજે પુષ્ટિ કરી છે કે મંદિર ધસી પડવાના કારણે માર્યા ગયેલા લોકોમાં તે પણ સામેલ હતા.




# તંત્રી લેખ......

## ભારતમાં અમીર અને ગરીબ વચ્ચેનું અંતર સતત વધી રહ્યું છે

દેશમાં ધનવાન અને ગરીબ વચ્ચે અંતર સતત વધી રહ્યું છે. આ વાતને લઈને એક રિપોર્ટ સામે આવ્યો છે. લેટેસ્ટ વર્લ્ડ ઇનઇક્વિલિટી રિપોર્ટ ૨૦૨૬ પ્રમાણે ભારતમાં આવકની અસમાનતા દુનિયામાં સૌથી વધુ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે દેશની કુલ સંપત્તિનો મોટો ભાગ ગણતરીના લોકો પાસે છે. ભારતના ટોપ ૧૦ ટકા ધનવાન લોકોની પાસે આશરે ૬૫ ટકા સંપત્તિ છે, જ્યારે ટોપ ૧ ટકા વસ્તી લગભગ ૪૦ ટકા સંપત્તિ પર માલિકી હક રાખે છે. રિપોર્ટના આંકડા સ્પષ્ટ દર્શાવે છે કે દેશમાં શ્રીમંતો વધુ શ્રીમંત બની રહ્યાં છે. દેશમાં સંપત્તિનું વિભાજન અસંતુલિત છે. વર્લ્ડ ઇનઇક્વિલિટી રિપોર્ટ ૨૦૨૬ને અર્થશાસ્ત્રી લુકાસ ચેંસલ, રિકાર્ડો ગોમેઝ કારેરા, રોવાઇદા શ્રોમિક અને થોમસ પિકેટીએ મળીને તૈયાર કર્યો છે. વર્લ્ડ ઇનઇક્વાલિટી રિપોર્ટનો આ ત્રીજો રિપોર્ટ છે. આ પહેલા વર્ષ ૨૦૧૮ અને ૨૦૨૨મા આ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. દુનિયાભરના ૨૦૦થી વધુ રિસર્ચર્સ દ્વારા એકત્ર કરવામાં આવેલા ડેટાના આધારે તેને તૈયાર કરવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર ભારત દુનિયામાં આવકની અસમાનતાને લઈને પ્રથમ સ્થાન પર છે. સાથે દેશની ૪૦ ટકા સંપત્તિ પર માત્ર ૧ ટકા લોકોનો માલિકી હક છે. રિપોર્ટ પ્રમાણે અર્થશાસ્ત્રી જયતિ ઘોષ અને જોસેફ સ્ટિગ્લિટ્ઝનો રિપોર્ટ જણાવે છે કે દેશમાં પ્રતિ વ્યક્તિ એવરેજ વાર્ષિક આવક આશરે ૬૨૦૦ યુરો (PPP) અને એવરેજ સંપત્તિ લગભગ ૨૮૦૦૦ યુરો (PPP) છે. આ આંકડા જણાવે છે કે સામાન્ય લોકોની આવક અને સંપત્તિ બંને ખૂબ સીમિત છે. સાથે મહિલાઓની કાર્યોમાં ભાગીદારી પણ માત્ર ૧૫.૭ ટકા પર છે. છેલ્લા ૧૦ વર્ષમાં તેમાં કોઈ સુધાર થયો નથી. રિપોર્ટનું માનવું છે કે ભારતમાં આવક, સંપત્તિ અને જેન્ડર ત્રણેય જગ્યાઓ પર ઊંડી અસમાનતા છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાત ઝેરમુક્ત અને પ્રાકૃતિક ગુજરાત બને તે મારું મિશન છેઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

# આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે પ્રાકૃતિક કૃષિ અંગે ખેડૂતો સાથે પરિસંવાદ કરતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

### જો સમગ્ર દેશમાં માત્ર પ્રાકૃતિક કૃષિ જ થાય તો ભારતમાં પૂર અને દુષ્કાળની પરિસ્થિતિ ભૂતકાળ બની જશે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી




આણંદ જિલ્લાના પ્રવાસે આવેલા ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે આણંદ કૃષિ યુનિવર્સિટીના બી. એ. સી. એ. ઓડીટોરિયમ હોલમાં ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ અંગે પરિસંવાદ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી પ્રકૃતિ તરફ પ્રયાણ કરવા હાંકલ કરી હતી. તેમણે પ્રાકૃતિક કૃષિની હિમાયત કરી પ્રાકૃતિક કૃષિને વૈજ્ઞાનિક ખેતી ગણાવી હતી.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં પ્રાકૃતિક કૃષિને ટકાઉ વિકાસનો માર્ગ ગણાવી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને વિકસિત ભારત માટેનો આધારસ્તંભ હોવાનું મક્કમપણે જણાવ્યું હતું. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત ઝેરમુક્ત (રાસાયણિક ખેતી મુક્ત) રાજ્ય બને તે મારું મિશન છે, તેમ વધુમાં ઉમેરીને રાજ્યપાલશ્રીએ પોતાના ઉદ્બોધનમાં રાસાયણિક ખેતીના દુષ્પ્રભાવ અને પ્રાકૃતિક કૃષિમાં સૂક્ષ્મ જીવાણુઓનું મહત્વ વિષયને સમગ્રતયા આવરી લીધો હતો. હરિત ક્રાંતિનો ઉલ્લેખ કરીને તેમણે આજથી ૬૦-૭૦ વર્ષ પહેલાની અને આજની પરિસ્થિતિને સવિસ્તૃત ઉદાહરણો તેમજ તથ્યો આધારિત રિપોર્ટ ટાંકીને સમજાવ્યું હતું. ખાદ્યાન્નની અછતને પહોંચી વળવા માટે હિમાયત કરાયેલી હરિત ક્રાંતિ વખતે દેશની જમીનનો ઓર્ગેનિક કાર્બન ૨ થી ૨.૫ ટકા હતો, જે જંગલ જેટલી જમીનની ઉપજાઉ ક્ષમતા બરાબર હતો અને આજે દેશની જમીનનો ઓર્ગેનિક કાર્બન ૦.૫ ટકાથી પણ ઓછો છે, તેમ કહીને રાજ્યપાલશ્રીએ વર્તમાન સમયમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓની વિપરીત અસર વર્ણવી હતી.

દેશ હવે અનાજની નિકાસ કરે છે, તેમ કહીને રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને આજની સમયની જરૂરિયાત ગણાવતા કહ્યું કે, હરિત ક્રાંતિની જરૂરિયાત વખતે અઢી એકરમાં ૧૩ કિલોગ્રામ નાઈટ્રોજન ખાતરની સલાહ આપવામાં આવી હતી. પરંતુ વધુ પડતા યુરિયા, ડી.એ.પી. અને જંતુનાશક દવાના ઉપયોગથી આજે પરિસ્થિતિ એવી છે કે, જમીન પથ્થર થઈ ચૂકી છે. ધરતી માતાની ઉપજાઉ ક્ષમતા હવે ના બરાબર છે અને એટલા માટે એક એકરમાં ૧૩ ગુણ નાઈટ્રોજન ખાતર નાખવું પડે છે. જયારે દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિમાં તો બજારમાંથી કંઈ પણ લાવવું નથી પડતું અને ઉત્પાદન ખર્ચ શૂન્ય હોવાથી ખેડૂતો માટે સમૃદ્ધકારી ખેતી છે, તેમ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉમેર્યું હતું.

રાજ્યપાલશ્રીએ નિશ્ચિતપણે જણાવ્યું હતું કે, વર્તમાન અને ભવિષ્ય પ્રાકૃતિક કૃષિનું છે. જો સમગ્ર દેશમાં પ્રાકૃતિક કૃષિ થવા લાગે તો પૂર અને દુષ્કાળની સમસ્યાઓ ભૂતકાળ બની જશે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિને ખેડૂતો અને ખેતી સાથે જ સમગ્ર માનવજાતિના સર્વાંગી વિકાસ અને અસ્તિત્વ માટે મહત્વપૂર્ણ અને જરૂરી ગણાવી હતી.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વદેશી અભિયાનની પ્રેરણા આપી છે. પ્રાકૃતિક કૃષિ સ્વદેશી છે. આપણે આપણી પરંપરાગત ખેતીને ભૂલી ગયા છીએ, તેમ કહીને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ખેડૂત તરીકે કૃષિ ક્ષેત્રના પોતાના અંગત અને જાહેર જીવનના વાસ્તિવક અનુભવો રસપ્રદ ઉદાહરણો આપીને વર્ણવ્યા હતા તેમજ ઉપસ્થિત સૌને રાસાયણિક ખેતીની વિપરીત અસરોની અનુભૂતિ કરાવી હતી. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ તાજેતરમાં અપનાવી હોય અથવા પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ શરૂ કરવાનું વિચારતા હોય તેવા ખેડૂતોને સોનેરી સલાહ આપતા જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિના પાંચ આયામોની પરિપૂર્તિ કરશો તો પ્રથમ વર્ષથી જ ઉત્પાદન અને આવક બંને વધવા લાગશે. પ્રાકૃતિક કૃષિ કઈ રીતે કરવી, જીવામૃત-ઘન જીવામૃત અને પ્રાકૃતિક ખાતર કઈ રીતે બનાવવું, સહિતના અનેક પાસાઓ પર તેમણે પોતાના વિચારો વ્યક્ત કરીને ખેડૂતોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અંગે માહિતીસભર તલસ્પર્શી જ્ઞાન અને માર્ગદર્શન આપ્યું હતું

પાક અને રોપાઓને લાગતી નિમાતોડ નામની બિમારીનો પ્રાકૃતિક કૃષિ થકી કઈ રીતે કાયમી ઉકેલ મેળવી શકાય, તે માટે આણંદ કૃષિ યુનિવર્સિટીએ છેલ્લા ત્રણ વર્ષમાં અનેક પ્રયોગો કર્યા છે. અને તેના સફળ પ્રયોગોને વર્ણવતી પુસ્તિકા બનાવી છે. તે બદલ આણંદ કૃષિ યુનિવર્સિટીને રાજ્યપાલશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. કૃષિ સખીઓ અને કિસાન મિત્રોને પ્રોત્સાહન આપતા રાજ્યપાલશ્રીએ ગર્વભેર જણાવ્યું હતું કે, તેઓ પ્રાકૃતિક કૃષિના પ્રચાર-પ્રસાર થકી દેશનું ભાગ્ય બદલી શકે છે. ગુજરાતના લોકો પણ સારી વાતને તરત ઝીલી લે છે અને દુનિયામાં તેનો પ્રચાર-પ્રસાર કરે છે, તેમ કહીને રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિ માટે ઉપસ્થિત સૌને શપથ લેવડાવી સંકલ્પબદ્ધ કર્યા હતા.

કાર્યક્રમ પૂર્વે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. પરિસંવાદ કાર્યક્રમ બાદ રાજ્યપાલશ્રીએ પરિસરમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક કૃષિ અંગે સમજ આપતા અને જાગૃતિ ફેલાવવા માટે લગાવેલા પોસ્ટર નિહાળ્યા હતા. કલેક્ટરશ્રી પ્રવીણ ચૌધરીએ સ્વાગત પ્રવચનમાં પ્રાકૃતિક કૃષિને ટકાઉ વિકાસનો માર્ગ ગણાવ્યો હતો. પ્રાકૃતિક કૃષિ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત મિશન લાઈફના મૂળ ભાગને સાકાર કરે છે, તેમ જણાવી આ કાર્યક્રમથી આણંદ જિલ્લાના ખેડૂતોને નવી દિશા મળશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં અન્ય અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી, નાણા રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી ડો. કે. બી. કથીરિયા, કરમસદ આણંદ મહાનગરપાલિકાના કમિશનરશ્રી મિલિંદ બાપના, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ગૌરવ જસાણી, અગ્રણી શ્રી સંજયભાઈ પટેલ, કૃષિ સખી બહેનો, ખેડૂતો, પશુપાલકો, સરપંચશ્રીઓ, કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, કૃષિ, પશુપાલન, આત્મા વિભાગના અધિકારી/ કર્મચારીઓ અને પ્રાકૃતિક કૃષિના માસ્ટર ટ્રેનર સહિત પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયેલા ખેડૂત મિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ગુજરાતમાં જળવાઈ રહેશે ઠંડીનું પ્રમાણ

# ગુજરાતમાં રવિવારના રોજ ઠંડીનું પ્રમાણ આંશિક ઘટ્યું

### નલિયામાં આજે ઠંડીનો પારો ૧૧.૪ ડિગ્રીએ અટક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં આજે રવિવારના રોજ ઠંડીનું પ્રમાણ આંશિક ઘટ્યું છે. ગુજરાતમાં જ્યાં સૌથી વધુ ઠંડી નોંધાય છે તે નલિયામાં આજે ઠંડીનો પારો ૧૧.૪ ડિગ્રીએ અટક્યો હતો. સમગ્ર ગુજરાતમાં આજે રવિવારના રોજ નલિયામાં સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. અમદાવાદ શહેરમાં ઠંડીનો પારો ૧૪.૯ ડિગ્રીએ અટક્યો છે, તો વડોદરામાં ૧૨.૪ ડિગ્રીએ ઠંડીનો પારો રહ્યો હતો. ભાવનગરમાં ૧૪.૬ ડિગ્રી, ભૂજમાં ૧૪.૩ ડિગ્રી, ડીસામાં ૧૩.૮ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪.૧ ડિગ્રી, રાજકોટમાં ૧૨.૬ ડિગ્રી, સુરતમાં ૧૫.૧ ડિગ્રી, પોરબંદરમાં ૧૩.૪ ડિગ્રી, દ્વારકામાં ૧૭.૯ ડિગ્રી ઠંડી નોંધાઈ છે. ગુજરાતમાં શિયાળાની ઋતુ ધીમે ધીમે જામી રહી છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં ઠંડીનો પારો ૧૩ ડિગ્રીની આસપાસ નોંધાયો છે. જેના કારણે શીતલહેરનો અનુભવ થઈ રહ્યો છે. આગામી દિવસો માટે હવામાન વિભાગ દ્વારા રાજ્યભરમાં ઠંડીનું પ્રમાણ જળવાઈ રહેવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં હાલમાં કમોસમી વરસાદની કોઈ શક્યતા નથી. મોટાભાગના વિસ્તારોમાં હવામાન સૂકું રહેશે અને સૂર્યનારાયણના દર્શન થશે. જેના કારણે દિવસ દરમિયાન વાતાવરણ હુંફાળુ રહેશે. ભેજનું પ્રમાણ મોટાભાગના શહેરોમાં ૩૨ થી ૫૩ ટકાની વચ્ચે નોંધાવાની શક્યતા છે. અમદાવાદમાં ન્યુનતમ તાપમાન ૧૬ ડિગ્રી અને મહત્તમ ૩૦ ડિગ્રી રહેવાનો અંદાજ છે, જ્યારે રાજકોટમાં ન્યુનતમ ૧૬ અને મહત્તમ ૩૩ ડિગ્રી નોંધાઈ શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર સૌરાષ્ટ્રમાં, રાજકોટમાં ન્યુનતમ ૧૬ ડિગ્રી અને મહત્તમ ૩૩ ડિગ્રી તાપમાન સાથે ૩૩ ટકા ભેજ જોવા મળશે. જુનાગઢમાં ન્યુનતમ ૧૬ ડિગ્રી અને મહત્તમ ૩૩ ડિગ્રી તાપમાન રહેશે, જેમાં ભેજનું પ્રમાણ ૩૮ ટકા રહેશે. પોરબંદરમાં ન્યુનતમ ૧૮ ડિગ્રી અને મહત્તમ ૩૧ ડિગ્રી તાપમાનની સાથે ૪૩ ટકા ભેજ નોંધાશે. દેવભૂમિ દ્વારકામાં ન્યુનતમ તાપમાન ૧૬ ડિગ્રી અને મહત્તમ ૩૧ ડિગ્રી રહેશે, જેમાં ભેજનું પ્રમાણ ૪૬ ટકા રહેશે. ભાવનગરમાં ન્યુનતમ ૧૬ ડિગ્રી અને મહત્તમ ૨૯ ડિગ્રી તાપમાન રહેશે, જેનું ભેજનું પ્રમાણ ૫૧ ટકા નોંધાશે. કચ્છમાં ન્યુનતમ તાપમાન ૧૩ ડિગ્રી અને મહત્તમ ૨૮ ડિગ્રી રહેશે, જેમાં ભેજનું પ્રમાણ સૌથી વધુ ૫૩ ટકા જોવા મળશે.

# યશસ્વી જયસ્વાલે સૈયદ મુશ્તાક ટ્રોફીમાં ફટકારી તોફાની સદી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ભારતની **T20** ટીમના ઓપનિંગ સ્લોટ અંગે ચાલી રહેલી ચર્ચા વચ્ચે, યુવા બેટર યશસ્વી જયસ્વાલે સૈયદ મુશ્તાક અલી ટ્રોફી **(SMAT)**માં વિસ્ફોટક પ્રદર્શન કરીને પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું છે.

૧૪મી ડિસેમ્બરના રોજ પુણેના ડીવાય પાટિલ એકેડેમી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં મુંબઈએ હરિયાણા સામેના ૨૩૫ રનના વિશાળ લક્ષ્યને માત્ર ૧૭.૩ ઓવરમાં હાંસલ કરીને ઈતિહાસ રચ્યો હતો, જેમાં જયસ્વાલ હીરો બન્યો હતો.

યશસ્વી જયસ્વાલે માત્ર ૫૦ બોલમાં ૧૦૧ રનની આક્રમક ઈનિંગ રમીને હરિયાણાના બોલરો પર શરૂઆતથી જ દબાણ બનાવી દીધું હતું. તેમની ઈનિંગ્સમાં ૧૬ ચોગ્ગા અને ૧ છગ્ગાનો સમાવેશ થતો હતો. મુંબઈનો આ રન ચેઝ **SMAT**ના ઈતિહાસમાં બીજો સૌથી વધુ સફળ રન ચેઝ હતો.

યુવા બેટર યશસ્વી જયસ્વાલે અજિંક્ય રહાણે સાથેની શરૂઆતની ભાગીદારીમાં માત્ર ૧૯ બોલમાં ૫૩ રન જોડ્યા હતા. ત્યારબાદ સરફરાઝ ખાન સાથે બીજી વિકેટ માટે ૩૭ બોલમાં ૮૮ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરી, જેમાં સરફરાઝે પણ ૨૫ બોલમાં ૬૪ રન બનાવ્યા હતા.

જયસ્વાલની આ સદી એવા સમયે આવી છે જ્યારે ભારતીય ૨૦ ટીમમાં ઓપનિંગ સ્લોટ અંગે સવાલો ઉઠી રહ્યા છે. ૨૦૨૫માં **T20** ટીમમાં પાછા ફર્યા બાદ શુભમન ગિલ સંઘર્ષ કરી રહ્યો છે, જેણે ૧૪ ઈનિંગ્સમાં માત્ર ૨૩.૯૦ની સરેરાશથી ૨૬૩ રન બનાવ્યા છે.

ઉલ્લેખનીય છે, યશસ્વી જયસ્વાલ હાલમાં ભારતીય ટી૨૦ ટીમની બહાર છે. તેણે છેલ્લે ૨૦૨૪માં શ્રીલંકા સામે ટી૨૦ મેચ રમી હતી. જોકે તે ૨૦૨૪માં ભારતની ટી૨૦ વર્લ્ડ કપ વિજેતા ટીમનો ભાગ હતો, પરંતુ તેને એક પણ મેચ રમવાની તક મળી ન હતી. તેણે તાજેતરમાં વિશાખાપટ્ટનમમાં દક્ષિણ આફ્રિકા સામે પોતાની પ્રથમ વનડે સદી ફટકારી હતી. તેમણે અણનમ ૧૧૬ (૧૨૧ બોલ) રન બનાવીને ભારતને ૩૯.૫ ઓવરમાં ૨૭૧ રનના લક્ષ્યાંક સુધી પહોંચાડવામાં મદદ કરી હતી.

## મિલકત હડપવા જન્મ- મરણના ખોટા સર્ટિફિકેટ-કોર્ટના ઓર્ડર બનાવ્યા, ૪ આરોપી ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં ખોટા જન્મ મરણના પ્રમાણપત્રનું કૌભાંડ ઉજાગર થયું છે. ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન દ્વારા કોર્ટના ખોટા હુકમો અને બનાવટી સહી-સિક્કાઓનો ઉપયોગ કરનારા ૪ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. મહત્વનું છે કે, આ બનાવટી હુકમોને તેઓએ ખરા તરીકે સ્થાપિત કરવા માટે જન્મ-મરણ-લગ્ન વિભાગની કચેરી તેમજ આરોગ્ય ભવન જન્મ-મરણ વિભાગમાં રજૂ કર્યા હતા. જેની ફરિયાદના આધારે પોલીસે પગલાં લીધા હતા.

આ કેસમાં મળતી માહિતી મુજબ, આરોપીઓએ નામદાર કોર્ટના બનાવટી હુકમો તૈયાર કર્યા હતા અને તેના પર ખોટા સહી-સિક્કા કરીને આ દસ્તાવેજોને જન્મ-મરણ-લગ્ન વિભાગની કચેરી તેમજ આરોગ્ય ભવન જન્મ-મરણ વિભાગમાં રજૂ કર્યા હતા. આ બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ તેઓ ખરા તરીકે કરવા માંગતા હતા. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે તપાસ કરતા કુલ ૨૩૮ હુકમો સામે ૯ હુકમો ખોટા થયા હતા. જે બાદ પોલીસે અરજણભાઈ કરશનભાઈ ભરવાડ, શબ્બીરભાઈ હસુભાઈ શેખ, અલ્લાઉદ્દીન અબ્દુલભાઈ શેખ અને નિઝામખાન નાસીરખાન પઠાણ નામના ચાર આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

૧૦૮ નદીના જળથી ભરેલા કળશનું ગર્ભગૃહમાં સ્થાપન

# અમદાવાદના વિશ્વ ઉમિયાધામ મંદિરમાં કળશ પૂજન કરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના જાસપુર વિશ્વ ઉમિયાધામ ખાતે મા ઉમિયાનું વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટના ભવ્ય મંદિરનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે. ત્યારે એશિયાના સૌથી મોટા કોંક્રિટ રાફટનું કાર્ય ૫૪ કલાકનાં ઐતિહાસિક રીતે પૂર્ણ થયું છે. ગર્ભ ગૃહ સહિત સમગ્ર પરિષરનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ દરમિયાન ૨૦૨૦ વિશ્વ ઉમિયાધામ મંદિરના શિલાન્યાસ વખતે પવિત્ર ગંગા નદી સહિતની ૧૦૮ નદીના જળથી ભરેલા ૧૦૮ કળશનું પૂજન કરવામાં આવ્યું હતું. આ કળશને આજે (૧૪ ડિસેમ્બર) ફરી વખતે પૂજન કરીને મંદિરના ગર્ભગૃહમાં ૧૦૮ દંપતી/યજમાન દ્વારા સ્થાપિત કરવામાં આવ્યું છે. અમદાવાદના જાસપુર વિશ્વ ઉમિયાધામ ખાતે મંદિરના ગર્ભગૃહમાં પવિત્ર ગંગાજળથી ભરેલા ૧૦૮ કળશ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ સાથે ભારતની પવિત્ર ૧૦૮ નદીઓના જળથી સમગ્ર ગર્ભગૃહને પવિત્ર કરવામાં આવ્યું હતું અને ૧૦૮ નદીઓના પવિત્ર જળથી ભરેલા કળશનું પૂજન કર્યા બાદ માતાજીના સ્થાન નીચે પ્રસ્થાપિત કરવામાં આવ્યા છે. આ પ્રસંગે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખે જણાવ્યું હતું કે, 'આ કળશમાં ગંગા, યમુના, સરસ્વતી, ગોદાવરી, નર્મદા, ક્ષિપ્રા, કાવેરી, કૃષ્ણા, બ્રહ્મપુત્રા સહિતની ૧૦૮ નદીઓના પવિત્રના જળ સમાવવામાં આવ્યા છે. વિદ્વાન બ્રાહ્મણો અને સજ્જનોના અથાગ પ્રયત્નોથી કાશ્મીર, હિમાલય, અરૂણાચલ અને દક્ષિણ ભારતના વિભિન્ન ભાગોમાં આવેલી નદીઓના પવિત્ર જળ ગ્રહણ કરવામાં આવ્યું છે.'વધુમાં તેમણે કહ્યું કે, 'આગામી દિવસોમાં વિશ્વ ઉમિયાધામનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. તેમજ ડિસેમ્બર ૨૦૨૭માં માતાજી ભવ્ય અને દિવ્ય વિશ્વ ઉમિયાધામ મંદિરમાં બિરાજમાન થશે. આ પ્રસંગે ભવ્ય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાશે.'

# ભરૂચ પોલીસે બાંગ્લાદેશી એજન્ટ સહિત ૪ આરોપીઓની ધરપકડ કરીઃ ૧૪ યુવતીઓને બચાવી લેવામાં આવી

### ભરૂચમાં બાંગ્લાદેશમાંથી મહિલાઓની તસ્કરી કરીને તેમને દેહ વ્યાપારમાં ધકેલનારા આંતર-રાજ્ય રેકેટનો પર્દાફાશ થયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચ પોલીસે બાંગ્લાદેશમાંથી મહિલાઓની તસ્કરી કરીને તેમને દેહ વ્યાપારમાં ધકેલનારા એક આંતર-રાજ્ય રેકેટનો ભાંડો ફોડ્યો છે. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ **(SOG)**ની સંયુક્ત કાર્યવાહીમાં બાંગ્લાદેશી એજન્ટ ફારૂક શેખ સહિત ૪ દલાલોની ધરપકડ કરવામાં આવી છે. આ ઓપરેશનમાં ૧૨ બાંગ્લાદેશી અને ૨ પશ્ચિમ બંગાળની યુવતીઓને બચાવવામાં આવી છે.

પોલીસના જણાવ્યા મુજબ, આ રેકેટ બાંગ્લાદેશમાં આર્થિક રીતે નબળી મહિલાઓને ઘરના કામ, બ્યુટી પાર્લર અને સલૂનમાં નોકરી આપવાનું આકર્ષણ આપીને ભારત લાવતું હતું. ત્યારબાદ તેમને ભરૂચ, અંકલેશ્વર સહિત ગુજરાતના અન્ય વિસ્તારોની સાથે ગોવા, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં સ્પા અને ગેસ્ટ હાઉસમાં સેક્સ વર્કર તરીકે કામ કરવા માટે મજબૂર કરતું હતું. આ પ્રવૃત્તિ સતત ચાલી રહી હતી.

પોલીસ અધિક્ષક અક્ષય રાજ મકવાણાએ જણાવ્યું કે ગુપ્ત માહિતીના આધારે **LCB** અને **SOG** ટીમોએ ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે કાર્યવાહી શરૂ કરી દીધી. આ દરમિયાન જંબુસર બાયપાસ રોડ પર આવેલા અલફારૂક પાર્ક સોસાયટીમાં રહેતો બાંગ્લાદેશી એજન્ટ ફારૂક શેખ પોલીસના રડાર પર આવ્યો. તેના ઘરમાં બાંગ્લાદેશી યુવતીઓ છે, તે માહિતીના આધારે દરોડો પાડવામાં આવ્યો.

પોલીસના દરોડા દરમિયાન ફારૂક શેખની સાથે ૪ બાંગ્લાદેશી મહિલાઓ મળી આવી. પૂછપરછમાં ફારૂકે કબૂલ્યું કે તે લગભગ ૧૦ વર્ષ પહેલા ગેરકાયદેસર રીતે ભારતમાં આવ્યો હતો. પશ્ચિમ બંગાળમાંથી બોગસ જન્મ પ્રમાણપત્ર બનાવીને તેણે ભારતીય ઓળખ દસ્તાવેજો મેળવ્યા હતા. તેમણે જણાવ્યું કે અત્યાર સુધીમાં તે લગભગ ૬૦ બાંગ્લાદેશી મહિલાઓને ભારત લાવી ચૂક્યો છે. ફારૂક શેખના ખુલાસા બાદ પોલીસે ત્રણ અલગ-અલગ ટીમો બનાવીને ભરૂચ અને અંકલેશ્વરના સ્પા અને ગેસ્ટ હાઉસ પર એક સાથે દરોડા પાડ્યા. ભરૂચમાં નાઝીમ ખાનના મુસ્કાન સ્પા, મંગલબજાર સ્થિત રઈશ શેખના સમાના ગેસ્ટ હાઉસ અને અંકલેશ્વરના સુજીત કુમારના ગોલ્ડન સ્પામાંથી ૮ બાંગ્લાદેશી અને ૨ પશ્ચિમ બંગાળની મહિલાઓને બચાવવામાં આવી.

રેસ્ક્યૂ કરવામાં આવેલી મહિલાઓએ પોલીસને જણાવ્યું કે તેઓ રોજગારની શોધમાં ગેરકાયદેસર રીતે ભારત આવી હતી, પરંતુ અહીં તેમને કોઈ કામ પર લગાવવામાં આવી નહોતી. જબરદસ્તીથી દેહ વ્યાપારમાં ધકેલી દેવામાં આવી હતી. આરોપીઓ પાસેથી ૫ મોબાઈલ ફોન, બાંગ્લાદેશી નેશનલ આઈડી કાર્ડની નકલો અને દેહ વ્યાપાર સાથે જોડાયેલો સામાન મળી આવ્યો, જેની કિંમત ૬૫ હજાર રૂપિયા છે. ભરૂચ પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ઈમ્મોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ, ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ કેસ દાખલ કર્યો છે. પોલીસ હવે એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ નેટવર્કમાં બીજા કયા એજન્ટો સામેલ છે અને કયા રસ્તાઓથી મહિલાઓને ભારત લાવવામાં આવી હતી. આ મામલે વિસ્તૃત તપાસ ચાલુ છે.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

દુષ્કર્મની ભોગ બનેલી દીકરીની ઓળખ છતી કરી હતી

# કોંગ્રેસના મહિલા અગ્રણી પ્રગતિ આહિર વિરુદ્ધ નોંધાઈ ફરિયાદ

## રહેણાંક મકાનની ઓળખ છતી થાય તેવા ફોટા તેમજ વીડિયો સોશિયલ મીડિયાપર અપલોડ કરવામાં આવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

ગ્રામ્યના આટકોટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત ચોથી ડિસેમ્બરના રોજ ૭ વર્ષીય બાળકી સાથે દુષ્કર્મનો બનાવ બન્યો હોવાની ઘટના સામે આવી હતી. ત્યારે બનાવ સંદર્ભે રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા બાળકી સાથે દુષ્કર્મ આચરનાર તેમજ તેના પ્રાઈવેટ પાર્ટમાં લોખંડનો સળીયો ઘુસાડી ઈજા પહોંચાડનાર રામસિંગ તેરસિંગ નામના આરોપીની ધરપકડ કરી છે. તેમજ ૧૫ ડિસેમ્બર સાંજના ૫:૦૦ વાગ્યા સુધી તે પોલીસ રિમાન્ડ પર છે. ત્યારે સોમવારના રોજ સાંજના પાંચ વાગ્યા પૂર્વે રામસિંગ તેરસિંગને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ત્યારે ૧૩ ડિસેમ્બરના રોજ કોંગ્રેસના મહિલા અગ્રણી પ્રગતિ આહીર સહિતના કોંગ્રેસના આગેવાનો દ્વારા ભોગ બનનાર બાળકી તેમજ તેના પરિવારજનોની મુલાકાત લેવામાં આવી હતી.

પ્રગતિ આહીરના ફેસબૂક પેજ ઉપર બાળકી તેમજ બાળકીના પરિવારજનોની ઓળખ તેમ જ તેમના રહેણાંક મકાનની ઓળખ છતી થાય તેવા ફોટા તેમજ વીડિયો સોશિયલ મીડિયાના જાહેર પ્લેટફોર્મ ઉપર અપલોડ કરવામાં આવ્યા હતા. ત્યારે સમગ્ર મામલે આટકોટ પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવનારા હેડ કોન્સ્ટેબલ સંજય મેટાળીયા દ્વારા પ્રગતિ આહીર વિરુદ્ધ આટકોટ પોલીસ સ્ટેશન ખાતે બીએનએસ ની કલમ ૭૨, પોકસોની કલમ ૨૩, ૨૩ (૪) તેમજ ધી જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૭૪(૩) મુજબ ગુનો નોંધાવવામાં આવ્યો છે.

પોલીસને આપેલી ફરિયાદમાં સંજય મેટાળીયા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ૧૩ ડિસેમ્બરના રોજ પ્રગતિ આહીર નામના ફેસબુક એકાઉન્ટમાં ભોગ બનનાર બાળકીના પિતા તેમજ તેના પરિવારજનોની ઓળખ છતી થાય તેવા ફોટો, વીડિયો તેમજ લેખિત પોસ્ટ અપલોડ કરવામાં આવી હતી.

પોસ્ટમાં લખવામાં આવ્યું હતું કે, "ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવતા મહિલા સુરક્ષિત હોવાના ખોખલા અને પોકળ દાવાઓ વચ્ચે છ વર્ષના નાના ફૂલ સમાન કોમળ દીકરી પીંખાઈ રહી છે. તેમજ નરાધમોનો ભોગ બની રહી છે. દીકરી અને તેના પરિવારને મળીને કાળજુ કંપી ઊઠે એવા દ્રશ્યો નજરે જોયા છે. આવા નરાધમને જાહેરમાં ફાંસીની સજા આપીને દાખલો બેસાડવો જોઈએ કે, ફરીથી આવું કોઈ કોમળ ફૂલ ના પીંખાઈ જાય".

પ્રગતિ આહિરે તેના faceboko પર અપલોડ કરેલ ફોટામાં ભોગ બનનાર બાળકીના પિતા તેમજ તેના પરિવારજનોના ચહેરા સ્પષ્ટપણે દેખાય તે રીતે અપલોડ કરવામાં આવ્યા છે. ભોગ બનનાર બાળકીનુ બીએનએસ ની કલમ ૧૮૩ મુજબ સ્ટેટમેન્ટ માટે નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરતી વખતે જ્યારે ભોગ બનનારને સંવેદનશીલતા તેમજ પ્રાઈવેસીની જરૂર હોય ત્યારે પ્રગતિ આહીર દ્વારા પરિવારના ફોટા પાડી વાયરલ કરવામાં આવ્યા છે.

પલોલ ગામના સફાઈકર્મીઓનું સન્માન કરી સ્વચ્છતાને પ્રોત્સાહન આપતા રાજ્યપાલશ્રી

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી આણંદના સોજીત્રા તાલુકાના પલોલ ગામની મુલાકાતે

## રાજ્યપાલશ્રીએ પલોલ ગ્રામ પંચાયત ખાતે ગ્રામજનો સાથે સફાઈ કરી સ્વચ્છ ભારતનો આપ્યો સંદેશ



આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકાના પલોલ ગામની મુલાકાતે પધારેલા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ગ્રામજનો સાથે મળી સફાઈ કરી હતી. રાજ્યપાલશ્રીએ ઝાડું લગાવી ગ્રામજનોને સ્વચ્છતાનું મહત્વ સમજાવી સ્વચ્છ ભારતનો સંદેશ આપ્યો હતો સાથે જ ગામના સફાઈ કર્મીઓનું પણ જાહેરમાં સન્માન કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.આ તકે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્વચ્છતા, વ્યસનમુક્તિ, સામાજિક સમરસતા, આરોગ્ય, પર્યાવરણ અને પ્રાકૃતિક ખેતી જેવા મુદ્દાઓ પર જનજાગૃતિ વધે તેવું સૂચન કર્યું હતું..રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આજે ભણેલા ગણેલા લોકોમાં વ્યસનનું પ્રમાણ વધવું એ ચિંતાજનક બાબત છે. જો મોટા લોકો સ્વયં સારા કામો કરશે તો નાના બાળકોમાં સુટેવો કેળવાશે.આચાયશ્રી દેવવ્રતજીએ પલોલને સ્વચ્છ ગ્રામ બનાવવા સૌ ગ્રામજનોને કાર્યાન્વિત થવા અપીલ કરી હતી. આ માટે ગામની પ્રત્યેક શેરી દીઠ સ્વચ્છતાની ટુકડીઓ બનાવી આયોજન પ્રમાણે કામ કરવા સૂચન કર્યું હતું. સ્વચ્છતા ઉપરાંત રાજ્યપાલશ્રીએ પર્યાવરણ સંવર્ધનમાં વૃક્ષારોપણના મહત્વ વિશે વાત કરી હતી. તેમણે સૌ ગ્રામજનોને અપીલ કરી હતી કે તેઓ પોતાના બાળકોના જન્મદિવસના અવસરે ઓછામાં ઓછું એક વૃક્ષનું વાવેતર કરે અને ત્રણ વર્ષ સુધી તેનું જતન પણ કરે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતિ, જિલ્લા પોલીસ વડા શ્રી જસાણી, પેટલાદ મદદનીશ કલેકટર શ્રી હિરેન બારોટ, સહિત જિલ્લા પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ, પલોલ ગ્રામ સરપંચ શ્રી કેતનભાઈ પટેલ સહિત અન્ય મહાનુભાવો, અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

લીવર, કિડની, હૃદય અને ફેફસાંના ટ્રાન્સપ્લાન્ટ જેવી મોંઘી સારવારમાં આર્થિક ટેકારૂપ બને છે 'મુખ્યમંત્રી રાહત ભંડોળ'

# કેન્સરના દર્દીઓ માટે 'જીવાદોરી' સાબિત થઈ રહ્યું છે "મુખ્યમંત્રી રાહત ભંડોળ": ૪ વર્ષમાં કેન્સરના ૨૦૦૦થી વધુ દર્દીઓને નવજીવન

બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ સહિત બ્લડ કેન્સરના ૪૫૦ કેસ અને અન્ય ૧૬૫૬ કેન્સરના દર્દીઓનો સહારો બન્યું મુખ્યમંત્રી રાહત ભંડોળ (Chief Minister Relif Fund): ૨૦૨૧-૨૦૨૫ દરમિયાન કેન્સરના ૨૧૦૬ દર્દીઓની સારવાર માટે રૂા.૩૧.૫૫ કરોડથી વધુની આર્થિક સહાય ચુકવાઈ





ગુજરાત સરકાર દ્વારા સંચાલિત મુખ્યમંત્રી રાહત ભંડોળ (Chief Minister Relief Fund ) સંકટના સમયમાં રાજ્યના નાગરિકો માટે એક સશક્ત સુરક્ષા કવચ બન્યું છે. કુદરતી આફત, અકસ્માત અને ગંભીર બીમારીઓના સમયે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો દેવાના ડુંગર હેઠળ દબાય છે. ત્યારે આવા કિસ્સામાં મુખ્યમંત્રી રાહત ભંડોળ આશાનું કિરણ બની રહે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રી રાહત ભંડોળને વધુ અસરકારક બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેથી કોઈ પણ જરૂરિયાતમંદ દર્દી નાણાંના અભાવે સારવારથી વંચિત ન રહે. આજે મુખ્યમંત્રી રાહત ભંડોળ ગરીબ અને મધ્યમ વર્ગ માટે ભરોસાનું પ્રતિક બની ચૂક્યું છે.

ગુજરાત સરકારના મુખ્યમંત્રી રાહત ભંડોળનો મુખ્ય ઉદ્દેશ આર્થિક રીતે નબળા વર્ગના દર્દીઓને જીવનરક્ષક સારવાર ઉપલબ્ધ કરાવવાનો છે, ખાસ કરીને એવા દર્દીઓ જેમના માટે મોંઘી સારવાર લગભગ અશક્ય હોય છે. મુખ્યમંત્રી રાહત ભંડોળની આર્થિક સહાય હેઠળ કેન્સર, હૃદયરોગ, કિડની અને લીવર ફેલ્યોર તેમજ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ જેવી ગંભીર બીમારીઓને આવરી લેવામાં આવી છે.

● મુખ્યમંત્રી રાહત ભંડોળ : લાભ કોને મળે? કેવી રીતે? સંચાલન કોણ કરે છે?

અરજદારની વાર્ષિક આવક રૂા.૪ લાખ (વરિષ્ઠ નાગરિકો માટે રૂા.૬ લાખ)થી ઓછી હોવી જોઈએ. અરજદારે અરજી સાથે રહેઠાણનું પ્રમાણપત્ર, સારવારનો વિગતવાર અંદાજ અને સંબંધિત મેડિકલ ડોક્યુમેન્ટ્સ રજૂ કરવા જરૂરી છે.

અરજદારની અરજી મળ્યા પછી મહેસૂલ વિભાગ તેની ચકાસણી કરે છે. ત્યારબાદ ફાઈલ મુખ્યમંત્રી રાહત ભંડોળ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ સમિતિમાં મુખ્યમંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી,રાહત કમિશનરશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી (મહેસૂલ)નો સમાવેશ થાય છે. સમિતિની મંજૂરી પછી મંજૂર થયેલ રકમ સીધી હોસ્પિટલ અથવા દર્દીના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે, જેથી દર્દીને સમયસર સારવાર મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે.

● ૪ વર્ષમાં કેન્સરના ૨,૧૦૬ દર્દીઓને રૂા.૩૧.૫૫ કરોડથી વધુની આર્થિક સહાય

વર્ષ ૨૦૨૧થી ૨૦૨૫ દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી કેન્સર સામે ઝઝૂમી રહેલા ૨,૧૦૬ દર્દીઓને મહત્વપૂર્ણ આર્થિક સહાય પ્રદાન કરવામાં આવી છે, જેનાથી આ દર્દીઓને નવજીવન મળ્યું છે. આ સમયગાળા દરમિયાન કેન્સરના ૨,૧૦૬ દર્દીઓની સારવાર માટે મુખ્યમંત્રી રહેલ ભંડોળમાંથી રૂા.૩૧.૫૫ કરોડથી વધુની રકમની ચૂકવણી કરવામાં આવી છે.

આરોગ્ય વિભાગમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર બ્લડ કેન્સર (જેમાં બોનમેરો ટ્રાન્સપ્લાન્ટના કેસનો પણ સમાવેશ થાય છે.)ના ૪૫૦ દર્દીઓને આર્થિક સહાય આપવામાં આવી છે, જ્યારે અન્ય પ્રકારના કેન્સરથી પીડિત ૧૬૫૬ દર્દીઓને CMRF થકી આર્થિક સહાય મળી.

મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી લીવર, કિડની, હૃદય અને ફેફસાંના ટ્રાન્સપ્લાન્ટ જેવી મોંઘી- જટિલ સારવાર માટે પણ આર્થિક મદદ આપવામાં આવી છે.

● ગુજરાતની ટોચની કેન્સર હોસ્પિટલોમાં સારવાર

અમદાવાદ સ્થિત ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI), રાજકોટની નાથાલાલ પરીખ કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને બી.ટી. સવાણી હોસ્પિટલ, સુરતની ભારત કેન્સર હોસ્પિટલ અને કિરણ મલ્ટી-સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ તેમજ AAIHMS જેવી મોટી તબીબી સંસ્થાઓમાં સારવાર હેઠળના દર્દીઓને મુખ્યમંત્રી રાહત ભંડોળ (CMRF) હેઠળ આર્થિક સહાય કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, આ તમામ હોસ્પિટલોમાં કેન્સર સંબંધિત આધુનિક તબીબી સારવાર અને સુવિધા ઉપલબ્ધ છે. અહીં આર્થિક રીતે નબળાં દર્દીઓને નિષ્ણાંત ડોક્ટરોની દેખરેખમાં સારવાર આપવામાં આવે છે.

માનવતાની મિશાલ

# મહિલા પોલીસકર્મીએ કેન્સર પીડિત મહિલા માટે કર્યું વાળનું દાન

(સંપૂર્ણ સમાચાર સેવા)હિંમતનગર

મહિલાની સુંદરતા એના વાળમાં હોય છે અને તેનાથી મહિલાઓ સુંદર લાગતી હોય છે ત્યારે ઈડર તાલુકાના ખોડમ ગામની દામિની પટેલે કેન્સર પીડિત મહિલાઓ માટે સંપૂર્ણ મુંડન કરાવી વાળનું દાન કર્યું છે. આમ તો દામિની પટેલ સાયબર ક્રાઈમમાં પોલીસની નોકરી કરે છે. તેમની એક મિત્ર અનુબેને આ પ્રકારના વાળનું દાન કર્યું અને તેમને વાત કરી તો તેમણે પણ સંપૂર્ણ વાળ દાન કર્યા છે. દામિની પટેલ માને છે કે લોકો ચીજવસ્તુ કે પૈસાનું દાન કરતા હોય છે ત્યારે તેમને અન્ય મહિલાને સુંદર બનાવવા માટે વાળનું દાન કર્યું છે. વાળનું દાન સંવેદના, લાગણી સાથે જોડાયેલ છે પણ વાળ તો થોડા સમયમાં પાછા આવી જશે પણ જેને વાળ નથી તેમને દામિની પટેલના વાળ મળશે અને તેમના ચહેરા પર ખુશી આવશે એ દામિની પટેલ માટે મહત્વની વાત છે.

દામિની પટેલે પહેલા વાળ ખરતા હતા અને તેમના પતિ તેમને ટોણા મારતા હતા કે વાળ કપાવી દે અને બે દિવસ પહેલા જ તેમણે પતિને કહ્યું કે હું મારા સંપૂર્ણ વાળ કપાવવા માગું છું અને કેન્સર પીડિત મહિલાઓ માટે દાન કરવા માગું છું. એક એનજીઓ છે જે વાળ લઈને કેન્સર પીડિત મહિલાઓ માટે વિગ બનાવીને તેમના ચહેરા પર ખુશી લાવે છે તો હું પણ આ દાન કરવા માગું છું. તેમના પતિએ સંમતિ આપી અને બે દિવસ પહેલા જ તેમને તેમના સંપૂર્ણ વાળ કરાવીને એનજીઓને દાન કર્યા છે. દામિની બહેન વાળ કપાવીને પણ ટોપી કે સ્કાફ વગર જાહેરમાં ફરે છે અને અન્ય મહિલાઓને પણ સંદેશો આપે છે કે વાળ આપણા શરીરનો હિસ્સો છે એને આપણે સહજતાથી સ્વીકારવું જોઈએ અને કોઈ જાતના ટેન્શન કે ડિપ્રેશન વગર ખુલ્લા મને જાહેરમાં ફરવું જોઈએ.એક મહિલા પોતાના સૌંદર્યના પ્રતીક એવા વાળનું દાન કરી અન્ય મહિલાના મુખ પર ખુશી લાવે છે ત્યારે આ મહિલાએ એક અનોખો સંદેશો આપીને ખુલ્લા માથે ટોપી કે સ્કાફ વગર જાહેરમાં ફરે છે અને અન્ય મહિલાઓને પણ આ રીતે દાન આપવા માટે જણાવે છે.

# જનવિશ્વાસ એકટનો ગુજરાતમાં અમલ શરૂ : મેડીકલ સ્ટોરમાં લાયસન્સ ભાડે આપનાર ફાર્માસિસ્ટોને ૨ લાખ રૂપીયાનો થશે દંડ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ઠેર ઠેર પાનના ગલ્લાની જેમ મેડીકલ સ્ટોર ફુટી નિકળ્યા છે. ડ્રગ એન્ડ કોસ્મેટીક એકટ ૧૯૪૦ મુજબ ફાર્માસિસ્ટ જ દવા વિતરણ કરી શકે પરંતુ ફુડ એન્ડ ડ્રગ વિભાગના ભ્રષ્ટાચારી અધિકારીઓની રહેમ નજર હેઠળ ગુજરાતમાં ૭૦ ટકા મેડીકલ સ્ટોર્સ ફાર્માસિસ્ટના ફકત લાયસન્સ ઉપર ગેરકાયદેસર ચાલે છે.

હાલમાં કફ શિરપ ના સેવનથી બાળકોના અવસાન થતા સરકાર દ્વારા પ્રિસ્ક્રીપ્શન વગર દવા વેચતા મેડીકલ સ્ટોર વિરૂધ્ધ કાર્યવાહીના નાટકો કરી રહી છે. પરંતુ ગેરકાયદેસર ચાલતા મેડીકલ સ્ટોર ને માત્ર બે દિવસ ધંધો બંધ રાખવાની તેમજ લાયસન્સ ભાડે આપનાર ફાર્માસિસ્ટોને ફકત ૧ હજાર રૂપીયા દંડ ની જોગવાઈ હોવાના કારણે આવા તત્વોને મોકળુ મેદાન મળી ગયુ હતું. સાથે ડ્રગ ઈન્સ્પેકટરોને પણ આવા મેડીકલ સ્ટોર્સ સામે આંખ આડા કાન કરવા નિયમિત હપ્તા લેતા હતા. પરંતુ ગુજરાત રાજય ફાર્મસી કાઉન્સિલ દ્વારા મહત્વનો નિર્ણય લઈને જન વિશ્વાસ એકટ ૨૦૨૩ નો અમલ શરૂ કર્યો છે. જે મુજબ દરેક મેડીકલ સ્ટોર માં ફાર્માસિસ્ટ જ દવા વેચી શકશે અને મેડીકલ સ્ટોર માં ગેરહાજર રહેનાર તેમજ લાયસન્સ ભાડે આપનાર ફાર્માસિસ્ટોને ૨ લાખ રૂપીયાનો દંડ અથવા ૩ માસની જેલ અથવા બંને એક સાથે ગંભીર ગુન્હામાં સંડોવાયેલા ફાર્માસિસ્ટના રજીસ્ટ્રેશન કાયમ માટે કેન્સલ કરવાની જોગવાઈ પણ છે. વરસોથી ગેરકાયદેસર ચાલતા મેડીકલ સ્ટોર્સ વિરૂધ્ધ આંદોલન ચલાવી રહેલી ગુજરાત ફાર્માસિસ્ટ એસોસીએશનના પ્રમુખ રજનીકાંત ભારતીયે ફાર્મસી કાઉન્સિલના નિર્ણયને વધાવવાની સાથે જણાવ્યુ હતુ કે જન વિશ્વાસ એકટના અમલીકરણથી ફાર્માસિસ્ટના ભાડાના લાયસન્સ ઉપર ચાલતી ગેરકાયદેસર દવાની હાટડીઓ બંધ થશે. તેમજ નિયમોનુસાર દવાના જાણકાર ફાર્માસિસ્ટની હાજરીમાં જ દવાનુ વેચાણ થવાથી જનતાને દવાના ઉપયોગ અને આડઅસર અંગે જાણકારી મળવાથી એમને બહેતર આરોગ્ય મળશે. ફુડ એન્ડ ડ્રગ વિભાગના ભ્રષ્ટાચારમાં અંકુશ આવશે સાથે ફાર્માસિસ્ટોને વધુ રોજગારી મળશે પણ આ નિયમોનુ કડકાઈ થી અમલ થાય એ જરૂરી છે. નહી તો કાયદો ફકત કાગળ ઉપર જ સિમિત રહી જશે.

# બાવળા-સરખેજ રોડ પર ડીઝલનું ટેન્કર પલટતા રસ્તા ઉપર ફેલાયું પ્રવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના બાવળા સરખેજ રોડ પર ચાંગોદર બ્રિજ નજીક એક પેટ્રોલ પંપની સામે AMC (અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન)નું આશરે ૨૫૦૦ લિટર જેટલું ડીઝલ ભરેલ ટેન્કર પલટી ખાઈ ગયું હતું. ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા આ બનાવ બન્યો હતો. ડીઝલ રોડ પર ઢળવાને કારણે કોઈ અઘટિત ઘટના ન બને તે માટે તાબડતોડ ફાયર ટીમોને બોલાવી કેમિકલ ફોર્મવાળા પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. ડીઝલ ભરેલ ટેન્કર રોડ પર ગોથું મારી ગયાની જાણ ચાંગોદર પોલીસ સ્ટેશનના ટ્રાફિક ઈન્ચાર્જને થતા તાત્કાલિક તેઓ પોલીસ સ્ટાફ સાથે બનાવ વાળી જગ્યાએ પહોંચ્યા હતા. બનાવની ગંભીરતાને સમજી તાત્કાલિક ધોરણે ફાયર વિભાગનો સંપર્ક કર્યો હતો. બાદમાં ટેક્રરને બે ક્રેનની મદદથી સીધું કરાવી રસ્તા પરથી દૂર કર્યું હતું. જે પછી રોડ પર ઢોળાયેલા ડીઝલના જથ્થાને સાફ કરવા માટે ફાયર વિભાગની ટીમો દ્વારા ફોર્મ કેમિકલનો છંટકાવ કરવામાં આવ્યો હતો. અને ડીઝલના કારણે અતિ ગંભીર બનાવ બને તે પહેલાં અટકાવ્યો હતો. અકસ્માત કયા કારણોસર સર્જાયો તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગેસનુ કનેકશન તો ન મળ્યુ પણ ગેસનુ ભુતિયુ બીલ તો જરૂર મળ્યુઃ ઈડર તાલુકાના રેવાસ ગામમાં ગેસ કનેકશન આપવાના બદલે કનેકશનનુ ભુતિયુ બીલ મળ્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના રેવાસ ગામે આજે સાબરમતી ગેસ કંપનીની બેદરકારીનો ભોગ ગ્રાહક બન્યો છે. ગ્રાહકોએ મોટી ડીપોઝીટો ભરી દીધી, પાઈપ લાઈન નંખાઈ ગઈ, પણ ગેસ કનેકશન મળતુ નથી. છેલ્લા એક વરસથી ગ્રાહકો કામગીરીને લઈ ટલ્લે ચઢી રહ્યા છે. પરંતુ તેનાથી ઉલ્ટુ એક ચોકાવનારી બાબત એ બની છે કે સાબરમતી ગેસ કંપનીએ ગ્રાહકને ગેસ કનેકશન આપવાના બદલે સીધુ ગ્રાહકને કનેકશનનુ ભુતિયુ બીલ પકડાવી દેતા નારાજગી વર્તાઈ જવા પામી છે.

ગેસનો ઉપયોગ કર્યા વગર જ કંપનીએ ગ્રાહકોને રૂપીયા ૧૫૦૦ થી ૨ હજાર રૂપીયાના બીલ પકડાવી દીધા છે. કંપનીની આ લાલીયાવાડી સામે આજે ગામની મહિલાઓએ વિરોધનુ બ્યુગલ ફુંકયુ હતું. મળતી માહિતી અનુસાર જિલ્લાના ઈડર તાલુકાના રેવાસ ગામમાં ૩૦૦ જેટલા પરીવારો વિકાસની રાહ જોઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૪ માં સાબરમતી ગેસ કંપની દ્વારા રેવાસ ગામમાં પાઈપ લાઈન ગેસ કનેકશન આપવાની મહત્વની કામગીરી શરૂ કરવામાં આવી છે. કંપનીએ પહેલા તો દરેક ગ્રાહક પાસેથી ગેસ કનેકશન આપવાના નામે મોટી રકમ ડીપોઝીટ પેટે ભરાવી દીધી. ગ્રાહકોને વિશ્વાસ હતો કે હવે સીલીન્ડરના મોંઘવારીમાંથી મુકિત મળશે, ડીપોઝીટ ભરાયા બાદ મોટા ભાગના ઘરોમાં પાઈપ લાઈન નાવખાની અને ગેસ મીટર ફીટ કરવાની કામગીરી પુર્ણ થઈ ગઈ છે. પરંતુ રેવાસ ગામમાં કંપનીની ઘોરબેદરકારી સામે આવી છે. મીટર લાગ્યા પછી પણ છેલ્લા એક વરસથી આ ગામમાં કનેકશનમાં ગેસનો સપ્લાય શરૂ કરવામાં આવ્યો નથી એટલે કે ગ્રાહકો પાસે ઈન્સ્ટોલેશન છે, ડીપોઝીટની પહોચ છે, પણ ગેસ કનેકશન નથી. એક વરસથી કામગીરી ટલ્લે ચઢી છે અને ગ્રાહકો આજે પણ સીલીન્ડર પર નિર્ભર રહેવા મજબુર બન્યા છે. કંપનીની ધીમી અને બેધારી નીતીએ રેવાસના ૩૦૦ પરીવારોને હેરાનગતિમાં મુકી દીધા છે. આ તો માત્ર હેરાનગતિની શરૂઆત હતી પરંતુ કંપનીની ગંભીર બેદરકારીની પારાકાષ્ઠા તો ત્યારે આવી જયારે ગેસનો એક પણ યુનિટ ન વાપરનારા આ ગ્રાહકોને કંપનીએ ગેસના બીલ ફટકારી દીધા છે. રેવાસના ગામના ગ્રાહકોના મતે તેઓને ૧૫૦૦ થી લઈ રૂપીયા ૨ હજાર સુધીના બીલ ફટકારવામાં આવ્યા છે. ગ્રાહકોનો સવાલ સીધો છે. કનેકશન લાગ્યુ નથી, મીટર ફર્યુ નથી તો બીલ શાના ? કંપનીના આ અયોગ્ય વહિવટથી રોષે ભરાયેલી રેવાસની મહિલાઓ હવે શાંત બેસે તેમ નથી. મોટી સંખ્યામાં મહિલાઓએ ભેગા મળી સાબરમતી ગેસ કંપનીના વહિવટ સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને સુત્રોચ્ચાર કર્યા હતા.

મહિલાઓની માંગણી સ્પષ્ટ છે કે છેલ્લા એક વરસથી જે કનેકશનની કામગીરી અટકેલી છે તે તાત્કાલીક પુર્ણ કરવામાં આવે અને ખોટી રીતે મોકલવામાં આવેલા આ તમામ બીલો રદ કરવામાં આવે, કંપનીએ ડીપોઝીટ લીધા બાદ પણ સુવિધા ન આપી અને ઉપરથી ખોટા બીલો આપી ગ્રાહકોને ડરાવવાનો પ્રયાસ કર્યો છે. જેને રેવાસના ગ્રાહકો ચલાવી લેવા તૈયાર નથી. કંપનીના અધિકારીઓ હજુ પણ આ મામલે મૌન સેવી રહ્યા છે. જે તેમની બેજવાબદારી છતી કરે છે. સૌથી મોટો સવાલ એ છે કે આખરે આ લાલીયાવાડી કયાં સુધી ચાલશે ? સાબરમતી ગેસ કંપનીની આ ગંભીર બેદરકારીનો જવાબદાર કોણ ? ગ્રાહકોએ વિશ્વાસ મુકીને ડીપોઝીટ ભરી, પણ તેમને બદલામાં મળ્યુ માત્ર શુન્ય સપ્લાય અને મોટી રકમના કમરતોડ ખોટા બીલો ? શું કંપનીના અધિકારીઓ માને છે કે આ ગ્રાહકોને બેવડો માર સહન કરવો પડશે.

# સાબરકાંઠા જિલ્લા લોક અદાલતમાં એક જ દિવસમાં ૧૨૫૪૩ કેસોનો નિકાલ

વર્ષ ૨૦૨૫ની છેલ્લી રાષ્ટ્રીય લોક અદાલતમાં કુલ ૧૨૫૪૩ કેસોનો સમાધાન થી નિકાલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ (નાલસા) ના આદેશ અનુસાર સમગ્ર ભારતમાં તારીખ ૧૩/૧૨/૨૦૨૫ ના રોજ વર્ષ ૨૦૨૫ ની છેલ્લી રાષ્ટ્રીય લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેના ભાગરૂપે નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ અમદાવાદના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જિલ્લાના તમામ અદાલતોમાં જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના અધ્યક્ષ અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ કે આર રબારી તથા સચિવની અધ્યક્ષતામાં સાબરકાંઠા જિલ્લામાં ગઈ તારીખ ૧૩ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ છેલ્લી રાષ્ટ્રીય લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ હતું.

જેમાં સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તથા તાલુકા કોર્ટના બાર એસોસીએશનના પ્રમુખ તેમજ વકીલ મિત્રો, પક્ષકારો, અદાલતમાં ફરજ બજાવતા કર્મચારી મિત્રો સહભાગી થઈને લોક અદાલતને સફળ બનાવવામાં પુરતુ યોગદાન આપ્યુ હતું. જેમાં સાબરકાંઠા જિલ્લામાં મોટર અકસ્માત વળતર ના કેસોમાં કુલ ૩૧ કેસોનો સમાધાનથી નિકાલ કરીને રૂપીયા ૨,૬૦,૪૬,૫૭૨ કરોડ નુ વળતર ચુકવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. તેમજ જિલ્લામાં કાર્યરત મેજીસ્ટ્રેટો દ્વારા પેન્ડીંગ કેસો પૈકી લોક અદાલત અને સ્પેશ્યલ સેટીંગના એમ કુલ ૮૩૮૩ કેસો રકમ રૂપીયા ૨૨,૦૨,૭૩,૬૫૯.૭૦ ના કેસોનુ સમાધાનથી નિકાલ થયેલ, તેમજ ટ્રાફીક ઈ-ચલણ સહિત બેંક લેણાના કેસો, વીજ બીલ, પાણી બીલ, વીજ ચોરી, રેવન્યુ જેવા બીજા અન્ય પ્રિ-લીટીગેશન કેસોમાંથી કુલ ૪૧૬૦ કેસો રકમ રૂપીયા ૧,૬૨,૦૨,૫૫૨.૧૮ કરોડના કેસોનુ સુખદ સમાધાનથી નિકાલ થયેલ છે. આમ કુલ મળી સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧૨૫૪૩ કેસોનો સમાધાનથી નિકાલ થયેલ છે.

# કલોલમાં પિતાની નજર સામે જન્મદિનની ઉજવણીમાં ભાગ લઈ રહેલા પિતાની અંગત અદાવતને લઈ કારપીણ હત્યા

પ્રતિનિધિ,ગાંધીનગર



ગાંધીનગર જિલ્લાના કલોલ માં જુની અુદાવતમાં પાચં શખ્સોએ તલવાર, લોખંડની પાઈપ સહિતના હથિયાર વડે હુમલો કરીને એક વ્યકિતની ઘાતકી હત્યાની નિપજાવી હોવાની ચોકાવનારી ઘટના બનવા પામી છે. મૃતક અને તેના મિત્રો જન્મદિવસની ઉજવણી કરી રહ્યા હતા. ત્યારે અચાનક પાંચ આરોપી શખ્સો રીક્ષામાં આવીને ઘટનાને અંજામ આપ્યો હતો.

સમગ્ર મામલે કલોલ શહેર પોલીસે પાંચેય આરોપીઓ ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ કલોલ રેલ્વે પુર્વ વિસ્તારમાં ગઈ કાલે શનિવારે પુત્રની સામે જ પિતાની તેના જન્મદિવસે ઘાતકી હત્યા કરી હોવાની ઘટના બહાર આવી છે. પોલીસ ફરીયાદ મુજબ ગઈ તારીખ ૧૦ ડીસેમ્બર ના રોજ મૃતક ખેંગાર સવાભાઈ પરમાર ના મિત્ર અશોકજી ઠાકોરના દીકરાના લગ્ન હોવાથી ઘરની આગળનો રસ્તો થોડીવાર માટે બંધ કરાયો હતો. જો કે આ દરમિયાન આરોપી નવીન ઉર્ફે ભાણો અમરતભાઈ સોલંકી ત્યાંથી બાઈક લઈને નિકળતા ખેંગાર અને નવીન વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારબાદ ગઈ કાલે ૧૩ ડીસેમ્બર ના રોજ મૃતક તેના મિત્રો અને પરીવારના સભ્યો સાથે જન્મદિવસની ઉજવણી કરી રહ્યા હતા. ત્યારે નવીન ઉર્ફે ભાણો સોલંકી, નયન સોલંકી , સોનુ મકવાણા, મનોજ મકવાણા અને અમરતભાઈ સોલંકી એમ કુલ પાંચ આરોપી શખ્સો રીક્ષામાં ઘટનાસ્થળે આવ્યા હતા. જેમાં સૌપ્રથમ મૃતક ખેંગાર ને રીક્ષાની ટકકર મારીને નીચે પાડી દેવામાં આવ્યો હતો અને પાંચેય આરોપી શખ્સો દ્વારા ઘાતક હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ખેંગારનો દિકરો ચિરાગ વચ્ચે પડતા તેને પણ આરોપી શખ્સો દ્વારા જાનથી મારી નાખવાની કોશિષ કરવામાં આવી હતી. જો કે ચિરાગ જીવ બચાવવા ત્યાંથી ભાગી છુટયો હતો. હુમલાને અંજામ આપીને આરોપી શખ્સો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.

તેવામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત ખેંગારને સારવાર માટે નજીકની ખાનગી હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા. જયાં ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા. સમગ્ર મામલે આરોપી નવીનના પિતા અમરત એ મૃતક ખેંગારના દિકરા ચિરાગને ઘટના અંગે પુછતા ચિરાગે અમરતને તલવારના ઘા ઝીંકીને ઈજાગ્રસ્ત કર્યો હતો આ મામલે મૃતકના દિકરા ચિરાગ વિરૂધ્ધમાં પણ પોલીસે ગુન્હો નોંધ્યો હતો. મૃતક ખેંગાર વિરૂધ્ધમાં ૧૦ જેટલા ગુન્હા નોંધાયેલા હોવાનુ જાણવા મળેલ છે. ત્યારે પોલીસે બંને પક્ષે ફરીયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા-અરવલ્લી શ્રીમાળી સોની સમાજનુ ગૌરવ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર નગરપાલિકામાં વરસોથી સ્ટ્રીટ લાઈટ વિભાગમાં સેવા આપતા હિતેશ કુમાર સોમાલાલ સોનીના પુત્ર દેવાંશ હિતેશકુમાર સોનીએ સાબરકાંઠા સાંસદ ખેલ મહોત્સવમાં જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં ભાગ લીધો હતો.

જેમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં દેવાશં હિતેશકુમાર સોની અંડર-૧૪ વરસના બાળકોમાં દ્વિતિય નંબર પ્રાપ્ત કરી બે સ્ટાર મેડલ મેળવી સાબરકાંઠા-અરવલ્લી શ્રીમાળી સોની સમાજનુ ગૌરવ વધાર્યુ છે.




# સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ખાતે ૧૫ કરોડના ખર્ચે નવનિર્મિત સરકારી કોલેજ બિલ્ડીંગનુ લોકાર્પણ કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ખાતે આજે રવિવારે ૧૫ કરોડના ખર્ચે બનેલી નવનિર્મિત સરકારી કોલેજ બિલ્ડીંગનુ શિક્ષણમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે સંબોધન કરતા ડો.પ્રદ્યુમન વાજાએ જણાવ્યુ હતુ કે પાટડીની આ નવી સરકારે કોલેજ સમગ્ર જનતાને સમર્પિત છે. કારણ કે અત્યાર સુધી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ૫૦ થી ૬૦ કિ.મી. દુર સુરેન્દ્રનગર જવુ પડતુ હતું.

જે સમસ્યાનો હવે કાયમી ઉકેલ આવી ગયો છે તેમણે પાટડીની ધરતીને માતા શકિતનુ પ્રાગટય ધામ, રામદેવપીરનુ સ્થાન અને વણીન્દ્ર ધામનો ત્રિવેણી સંગમ ગણાવ્યો હતો. નવનિર્મિત કોલેજ બિલ્ડીંગમાં વિદ્યાર્થીઓ માટે તમામ આધુનિક સગવડો ઉપલબ્ધ છે જેમાં ૨૨ ખંડો, ૬ લેબોરેટરી, ડીઝીટલ શિક્ષણ, સ્માર્ટ કલાસ, આઈટી ઈન્ફ્રાસ્ટ્રકચર, વાઈફાઈ અને ડીઝીટલ લાઈબ્રેરી જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. શિક્ષણના મહત્વ પર ભાર મુકતા મંત્રી પ્રદ્યુમન વાજાએ જણાવ્યુ હતુ કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત સરકારનુ સપનુ છે કે આજનો વિદ્યાર્થી કોલેજનુ શિક્ષણ પુરૂ કર્યા બાદ નોકરીની શોધ કરનાર નહી પરંતુ અન્ય લોકોને નોકરી આપનાર બને, ગુજરાત સરકારે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે માળખાગત વિકાસ, નવી યુનિર્વસિટીઓ અને સંશોધન સંસ્થાઓની સ્થાપના કરી છે. વધુમાં સરકારે તાજેતરમાં નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અને મુખ્યમંત્રી જ્ઞાન સેવા મેરીટ સ્કોલરશીપ યોજના દ્વારા આશરે ૧૩ લાખ વિદ્યાર્થીઓને રૂપીયા ૩૭૦ કરોડનુ વિતરણ કર્યુ છે.

વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયાને પારદર્શક અને સરળ બનાવવા માટે જીઆઈસીએએસ નામની કેન્દ્રીકૃત એડમિશન સિસ્ટમ પણ શરૂ કરવામાં આવી છે. મંત્રીએ વિદ્યાર્થીઓને કોલેજનુ શિક્ષણ પુરૂ કરીને સમાજમાં એક જવાબદાર નાગરીક તરીકે જવા માટે ઈમાનદારી, શ્રેષ્ઠતા, માન સભ્યતા, સમાજ સેવા અને જીવનમાં સંતુલન આ પાંચ સિધ્ધાંતોને અનુસરવા અનુરોધ કર્યો હતો.

# મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનુ દિલ્હી તેડુ આવ્યા બાદ પરત

## સંગઠન અને સરકારમાં ચાલતી કામગીરીની વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી સાથે થઈ ચર્ચા વિચારણા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની રાજનીતીમાં નવાજુનીના એંધાણ જોવા મળી રહ્યા છે. ગઈ કાલે શનિવારે મોડી રાત્રે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા નુ દિલ્હીનુ તેડુ આવતા તેઓ ત્રણેય મોડી રાત્રે દિલ્હી રવાના થયા હતા.

આ તમામ દિગ્ગજો દિલ્હી જતા જ ચર્ચાઓનો દોર શરૂ થયો હતો કે શું ભાજપ સંગઠનમાં મોટા ફેરફારો થશે કે રાજયની રાજનીતીમાં કોઈ મોટી ઉથલ પાથલ થશે ? જો કે હવે આજે રવિવારે દિલ્હીથી આ મામલે એક મોટી અપડેટ બહાર આવી હતી. જેમાં આજે રવિવારે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં પીએમ આવાસ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સહિતની બેઠક યોજાઈ હતી. સુત્રોના કહેવા પ્રમાણે આ બેઠક બે તબકકામાં અને બે કલાક થી વધુ સમય ચાલી હતી. બેઠકમાં પ્રથમ તબકકામાં સંગઠનની નવી રચના અંગે અને બીજા તબકકામાં મંત્રીઓની કામગીરી તેમજ રાજય સરકારની કામગીરી અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સુત્રોના કહેવા મુજબ આ બેઠકમાં નકકી કરવામાં આવ્યુ કે આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણી તેમજ ૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ સંગઠનની પસંદગી કરવામાં આવશે. સંગઠનમાં સૌરાષ્ટ્ર ના નેતાઓને વિશેષ મહત્વ આપવામાં આવશે. જેથી પ્રદેશીય સંતુલન અને સંગઠનને વધુ મજબુત બનાવી શકાય.




# કેન્દ્ર સરકારની પુર આફત સહિતનામાં કંજુસી બાદ વધુ ગુજરાતમાં મનરેગાની મજુરીમાં પણ કંજુસી બતાવાઈ

## ગુજરાતમાં ૧૦૦ દિવસની ગેરન્ટી છતાં મજુરોને મળ્યા માત્ર ૪૯ દિવસ : અન્ય રાજયો આગળ

પ્રતિનિધિ,ગાંધીનગર



કેન્દ્ર સરકાર ગુજરાત સરકારને હળાહળ અન્યાય કરી રહી છે. હમણાં નજીકના સમયગાળામાં જ ગુજરાતમાં પુર , ભુકંપ અને વરસાદી પ્રકોપની ગ્રાન્ટમાં કેન્દ્ર સરકાર દ્વારા કાપ મુકવામાં આવ્યો હતો. ત્યારે વધુ એક મનરેગા યોજનામાં પણ દિવસની હાજરીનો કાપ મુકવામાં આવ્યો છે. આમ કેન્દ્ર સરકારે ગુજરાત સાથે અન્યાય કરી કંજુસાઈ બતાવી છે.

ગરીબ મજુરોને ૧૦૦ દિવસની રોજગારી અને કામના અધિકાર આપવાના ઉદેશથી મનરેગા યોજના લાગુ કરવામાં આવી હતી. હવે એ વાત સામે આવી છે કે મનરેગા યોજનાનો મુળ હેતુ ભુલી ગયો છે. આનુ કારણ એ છે કે ગુજરાતમાં ગરીબ પરીવારોને વર્ષમાં માત્ર ૪૨ થી ૪૯ દિવસ રોજગારી મળી છે, ગુજરાત સિવાયના રાજયોમાં મજુરોને આ યોજના હેઠળ લાંબા ગાળાની રોજગારી મળે છે, ત્યારે ગુજરાત સરકાર સામે કેમ અન્યાય કરવામાં આવે છે તે એક મોટો સવાલ ઉભો થવા પામ્યો છે.

દેશમાં ૨૦૦૫ માં રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરન્ટી કાયદો લાગુ કરવામાં આવ્યો હતો. આ યોજનાનો હેતુ ગરીબી રેખા નીચે જીવતા પરીવારોને વર્ષમાં ૧૦૦ દિવસ રોજગારી પુરી પાડવાનો હતો. મનરેગા દ્વારા ગરીબ મજુરોને રોડ રસ્તા બાંધકામ, જળસંરક્ષણ, તળાવ ખોદકામ, બાગ કામ અને સમુદાય વિકાસ જેવા પ્રોજેકટ માટે દૈનિક વેતન પર રોજગારી આપવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારોમાંથી સ્થળાંતર અટકાવવામાં મનરેગા યોજનાએ મહત્વપૂર્ણ ભુમિકા ભજવી છે. જો કે ગુજરાતમાં મનરેગા યોજના પૈસા કમાવવાની યોજના બની રહી છે. કારણ કે મંત્રીઓના પુત્રોથી લઈને સરકાર સુધીના ભ્રષ્ટ અધિકારીઓએ લાખો અને કરોડો રૂપીયાની ઉચાપત કરી છે. મનરેગાનુ કામ પુર્ણ થયા વિના લાભાર્થીઓને લાખો અને કરોડો રૂપીયા ચુકવવામાં આવ્યા છે. હવે એવુ સામે આવ્યુ છે કે સરકાર ગુજરાતમાં ૧૦૦ દિવસની ગેરન્ટીવાળી રોજગારીનુ વચન પુર્ણ કરવામાં નિષ્ફળ ગઈ છે. ગુજરાતમાં ગરીબ મજુરોને વર્ષમાં ફકત ૪૫ થી ૪૯ દિવસ કામ આપવામાં આવ્યુ છે.

કેન્દ્ર સરકારે પોતે સ્વીકાર્યુ છે કે ગરીબ મજુરોને વધુ કામ આપવામાં અન્ય રાજયો ગુજરાત કરતા આગળ નીકળી ગયા છે. ઉદાહરણ તરીકે ત્રિપુરા જેવા નાના રાજયમાં કામદારોને દર વરસે ૭૨ દિવસ કામ આપવામાં આવે છે. મિઝોરમમાં ૧૦૦ માં થી ૯૨ દિવસ કામ પુરૂ પાડે છે. કેરળ ૬૩ દિવસ, મેઘાલય ૭૧ દિવસ, મધ્ય પ્રદેશ ૬૧ દિવસ, રાજસ્થાન ૫૬ દિવસ અને ઓડીસા ૫૫ દિવસ કામ પુરૂ પાડે છે. એ નોંધવુ મહત્વપૂર્ણ છે કે કેન્દ્ર સરકારે હવે મનરેગાનુ નામ બદલીને પુજય બાપુ ગ્રામીણ રોજગાર યોજના રાખ્યુ છે. વધુમાં આ યોજના હેઠળ કામદારોને ૧૦૦ દિવસની જગ્યાએ ૧૨૫ દિવસ કામ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આમ ગુજરાતમાં મનરેગાનો મુળ હેતુ નિષ્ફળ ગયો છે.

# કોંગ્રેસે બુટલેગરોનુ લાંબુ લીસ્ટ સરનામા અને ટાઈમ સાથે મીડીયા દ્વારા સંઘવીને મોકલાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર



છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા રાજયભરમાં ચાલતી અસામાજિક પ્રવૃત્તિઓને લઈને રાજય સરકારને ઘેરવાના પ્રયાસ થઈ રહ્યા છે. વારંવાર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપર આક્ષેપ પ્રતિ આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. સામે પક્ષે ગૃહમંત્રી દ્વારા પણ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના ગઢ જઈને રેલીઓ સભાઓ કરવામાં આવી હતી. આ ચર્ચાએ રાજયભરમાં જોર પકડયુ છે. આમ આદમી પાર્ટીના નેતાઓ પણ આ રાજકીય યુધ્ધમાં કુદી પડયા છે.

તેવામાં ગુજરાત કોંગ્રેસ દ્વારા વધુ એક વખત દારૂ, ડ્રગ્સ, અસામાજિક પ્રવૃત્તિઓને લઈને વિગતો નુ લાંબુ લીસ્ટ મીડીયાના માધ્યમથી જાહેર કરવામાં આવ્યુ છે જેમાં રાજયમાં પાલનપુર સરહદથી દારૂ ઘુસાડનારા બુટલેગરોના નામ, એડ્રેસ અને નામ આપવામાં આવ્યા છે. પ્રદેશ કોંગ્રેસના જણાવ્યા પ્રમાણે રાત્રે સુર્યનગરી ટ્રેન દ્વારા આબુ રોડ થી ૧૫ પેટી ઈગ્લીંશ દારૂ પાલનપુર રેલ્વે સ્ટેશને આવે છે. આ દારૂ રોજેરોજ અલગ અલગ ટ્રેનમાં આવે છે જેમાં દારૂ લાવનારનુ નામ (૧) ચકો ઠાકોર (૨) રણજીત મારવાડી (પુરી શાકની લારી રેલ્વે સ્ટેશન ચલાવે છે તે ) (૩) મનોજ સિંધી અને અન્ય ચાર વ્યકિત રોજ માલ પાલનપુર સુધી લાવી અને અહીંથી દારૂની હેરાફેરી કરે છે. જેમાં (૧) સાગર બાવરી મારફતે બાવરી ડેરામાં (૨) છલીયો સલાટ મારફતે માનસરોવર ફાટક પાસે (૩) શૈલેષ મોચી મારફતે ઢુંઢીયાવાડી પાણીની ટાંકી પાસે (૪) રવી માલી, દિપક ઠાકોર અને ખત્રી આ ત્રણ લોકો મહાજન હોસ્પીટલ પાસે દારૂ પહોચાડે છે.

કોંગ્રેસ પક્ષ વધુ વિગત આપતા જણાવે છે કે આ રીતે જેવો માલ આવે કે તરતજ બે-ત્રણ પેટી એકટીવા ઉપર લઈ જાય છે રેલ્વે પોલીસના પુરા સપોર્ટ વગર એકપણ બોટલ દારૂ આવે નહી અને સીટી પોલીસના સપોર્ટ વિના એકપણ બોટલ વેચી કે લઈ જઈ શકાય નહી, ગામીત સાહેબની કૃપાથી કિંતી માલીનો જુગાર ચાલુ થઈ ગયો છે, આ પ્રકારની માહિતી કોંગ્રેસ દ્વારા લોન્ચ કરવામાં આવેલ હેલ્પ લાઈન પર પહોચાડવામાં આવી છે.

# ગુજરાત સરકાર આરોગ્ય પાછળ રોજે રોજ સરેરાશ ૧૦ કરોડથી વધુનો ખર્ચ કરે છેઃ અમદાવાદ માં રૂ.૪૬૭ કરોડ સાથે મોખરે

પ્રતિનિધિ,ગાંધીનગર

પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના (પીએમજેએવાય) હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ માં ગુજરાતમાંથી ૧૩,૫૪,૪૮૧ દાવા થયેલા છે. આ દાવાની કુલ રકમ ૩૭૧૯.૧૪ કરોડ રૂપીયા છે. આમ ગુજરાતીઓની સારવાર પાછળ રોજેરોજ સરેરાશ ૧૦ કરોડ રૂપીયાથી વધુનુ ખર્ચ થાય છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં આરોગ્ય પાછળ દાવાની રકમ ૩૫૧૦.૬૩ કરોડ રૂપીયા હતી, આમ આયુષ્યમાન યોજનામાં સારવાર પાછળ એક વરસમાં વધારો નોંધાયો છે.

આયુષ્યમાન યોજના પાછળ રાજયના જે જિલ્લામાંથી એક વરસમાં સૌથી વધુ ખર્ચ થયો હોય તેમાં અમદાવાદ મોખરે છે. અમદાવાદ જિલ્લામાંથી ૪૬૭.૪૧ કરોડ રૂપીયાના ૧.૬૧ લાખ થી વધુ દાવા થયા હતા. આ સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં આરોગ્ય પાછળ સરેરાશ ૧.૭૦ લાખ રૂપીયાથી વધુનો ખર્ચ થાય છે. સૌથી વધુ રકમના દાવા હોય તેમાં સુરત બીજા ક્રમે, રાજકોટ ત્રીજા ક્રમે અને બનાસકાંઠા ચોથા ક્રમે તેમજ વડોદરા પાંચમાં ક્રમે આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં ૭૭.૮૯ લાખ જયારે ૨૦૨૪-૨૫ માં ૨૫.૧૫ લાખ આયુષ્યમાન કાર્ડ જાહેર થયેલા હતા. આ સાથે જ ગુજરાતમાં ૨.૭૯ કરોડ જેટલા આયુષ્યમાન કાર્ડ ધારકો છે. જાણકારોના મતે મોટા ભાગના લોકોમાં એવી ગેરમાન્યતા પ્રવર્તતે છે કે એકવાર આયુષ્યમાન કાર્ડ મળી ગયુ એટલે ગમે ત્યારે અને ગમે તેટલીવાર સંપૂર્ણ મફત સારવાર મળશે. પરંતુ આ માન્યતા ભુલ ભરેલી છે. વાસ્તવમાં આ યોજનામાં સરકાર દ્વારા વાર્ષિક આવક મર્યાદા નકકી કરવામાં આવી છે અને તેનો લાભ પણ ચોકકસ શરતોને આધીન જ મળે છે. આ યોજનામાં સૌથી મોટી ગેરસમજ ફેમીલી ફલોટરના કોન્સેપ્ટ લઈને થાય છે. આ નિયમ મુજબ ૨ લાખ રૂપીયાનુ સુરક્ષા કવચ કોઈ એક વ્યકિત માટે અલગ નથી હોતુ, પરંતુ આખા પરીવાર માટે સંયુકત રીતે ફાળવવામાં આવે છે. આયુષ્યમાન યોજના પાછળ રાજયના જે જિલ્લામાંથી એક વરસમાં સૌથી વધુ ખર્ચ થયો હોય તેમાં અમદાવાદ મોખરે છે. અમદાવાદ જિલ્લામાંથી ૪૬૭.૪૧ કરોડ રૂપીયાના ૧.૬૧ લાખ થી વધુ દાવા થયા હતા. આ સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં આરોગ્ય પાછળ સરેરાશ ૧.૭૦ લાખ રૂપીયાથી વધુનો ખર્ચ, બનાસકાંઠા ચોથા અને વડોદરા પાંચમાં સ્થાને છે.



# ૨૦ વર્ષમાં ચિત્ર બદલાઈ ગયું

# થોળ પક્ષી અભયારણ્યમાં યાયાવર પક્ષીઓની સંખ્યામાં વિક્રમી વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)થોળ

શિયાળાની ગુલાબી ઠંડીમાં થોળ તળાવનો નજારો કંઈક અલગ જ હોય છે. અહીં પાણી અને આકાશ બંને પક્ષીઓથી ભરાઈ જાય છે. આ પક્ષીઓ માત્ર ભારતના જ નહીં, પરંતુ સાઈબેરિયા, મધ્ય એશિયા અને યુરોપના અતિશય ઠંડા પ્રદેશોમાંથી હજારો કિલોમીટરનો લાંબો અને કઠિન પ્રવાસ ખેડીને અહીં આવે છે. થોળ પક્ષી ગણતરીના ડેટા પર નજર કરીએ તો, ૨૦૦૪ અને ૨૦૨૪ વચ્ચે મોટો તફાવત સ્પષ્ટ દેખાય છે. વર્ષ ૨૦૦૪માં અહીં કુલ ૧૮,૩૭૨ (અઢાર હજાર ત્રણસો બોતેર) પક્ષીઓ નોંધાયા હતા. જ્યારે ૨૦૨૪માં આ આંકડો ત્રણ ગણો વધીને ૫૫,૫૮૯ (પંચાવન હજાર પાંચસો નેવ્યાસી) પર પહોંચી ગયો છે. જે દર્શાવે છે કે થોળ હવે આંતરરાષ્ટ્રીય પક્ષીઓ માટે એક સુરક્ષિત અને પસંદગીનું સ્થળ બની ગયું છે.આ આંકડાઓમાં સૌથી ચોંકાવનારો બદલાવ ફ્લેમિંગો અને ક્રેન્સ (કુંજ) ની સંખ્યામાં જોવા મળ્યો છે. ચાર્ટ મુજબ, વર્ષ ૨૦૦૪માં થોળમાં ફ્લેમિંગોની સંખ્યા શૂન્ય નોંધાઈ હતી. જેની સામે ૨૦૨૪માં ૧૨,૪૫૯ જેટલી જંગી સંખ્યામાં ફ્લેમિંગોએ થોળમાં ધામા નાખ્યા છે.

આ ઉપરાંત, કુંજ પક્ષીઓ એટલે કે ક્રેન્સની સંખ્યામાં પણ મોટો ઉછાળો આવ્યો છે.૨૦૦૪માં માત્ર ૩૮૦ ક્રેન્સ હતા, જે સંખ્યા ૨૦૨૪માં વધીને ૨૦૫૭ થઈ ગઈ છે. આ મોટા કદના આકર્ષક પક્ષીઓ હવે પ્રવાસીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.જોકે, થોળમાં હંમેશાની જેમ બતક અને ગીઝ (Ducks & Geese) પ્રજાતિનું પ્રભુત્વ યથાવત છે. તેઓ સૌથી વધુ સંખ્યામાં આવતા મહેમાનો છે.૨૦૦૪ માં તેમની સંખ્યા ૮૬૭૯ હતી, જે ૨૦૨૪માં વધીને ૨૨,૧૦૯ થઈ ગઈ છે. આ સિવાય પેલિકન, હેરોન્સ, આઈબિસ, અને વેડર્સ સહિત કુલ ૧૫૦ થી વધુ પ્રજાતિઓ પણ મુખ્ય અને આકર્ષક ૧૮ જેટલા વિવિધ ગ્રુપના પક્ષીઓ અહીં જોવા મળે છે.

# સલામત એસટીમાં દારૂની હેરાફેરી!: જૂનાગઢમાં ઉનાથી પોરબંદર જતી બસમાંથી ૧૨૨ બોટલ મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

ગુજરાતમાં અનેક સ્થળોએ દારૂ અને ડ્રગ્સ ઝડપાતા હોવાની ઘટના સામે આવતી હોય છે, ત્યારે જૂનાગઢમાં ઉનાથી પોરબંદર જતી GSRTC બસમાંથી ૧૨૨ દારૂની બોટલ ઝડપાઈ છે. સલામત એસટીમાં દારૂની હેરાફેરી મામલે પોલીસે બાતમીના આધારે ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં શીલ પોલીસને બાતમી મળી હતી કે, એસટી બસમાં દારૂની હેરાફેરી કરવામાં આવે છે. આ મામલે પોલીસે ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં પોલીસને ઉનાથી પોરબંદર જતી એસટી બસમાં એક બેગમાંથી ૧૨૨ દારૂની બોટલ મળી આવી હતી. બસમાંથી દારૂની બોટલ મળી આવતાં, આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, જૂનાગઢમાં શીલ પોલીસને બાતમી મળી હતી કે, એસટી બસમાં દારૂની હેરાફેરી કરવામાં આવે છે. આ મામલે પોલીસે ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં પોલીસને ઉનાથી પોરબંદર જતી એસટી બસમાં એક બેગમાંથી ૧૨૨ દારૂની બોટલ મળી આવી હતી. સમગ્ર મામલે પોલીસે કંડકટર અને ડ્રાઈવરની પૂછપરછ કરી હતી. જોકે, બસમાં દારૂ ભરેલી બેગ કોની છે અને કોણ રાખી ગયું તેને લઈને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.